# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

Date:- 21-10-2026 I VOL : 12 I Issue : 216 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


**સુવિચાર**

નાની શરૂઆત પણ મોટા પરિણામની શરૂઆત બની શકે છે


3  ગાંધીનગરમાં ભારત રક્ષા મંચ અને ગંગા સમગ્રના સંયુક્ત ઉપક્રમે ભવ્ય દુર્ગા દોડ...

4  યુસુફ પઠાણ પર મહેરબાન ભાજપ સરકાર: TMC છોડી NDAના...

6  4.74 અબજ રૂપિયાની બ્રા અને કાઈલી જેનરનો ધમાકો

7  ક્રિસ્ટિયાનો રોનાલ્ડો પર 30 દિવસનો પ્રતિબંધ, €255નો...


## CJP કાર્યકરોનું જેલમાં જવું ગાંધીવાદી સત્યાગ્રહ, બહાર આવીને ફરી પ્રદર્શન કરીશું

# અમારા આંદોલનને નેપાળ-બાંગ્લાદેશ સાથે ન સરખાવો: અભિજીત

નવી દિલ્હી

કોકરોચ જનતા પાર્ટી (CJP)ના ચીફ અભિજીત દીપકેએ મંગળવારે વીડિયો નિવેદન જાહેર કર્યું. તેમણે કહ્યું કે ભારતમાં થઈ રહેલા પ્રદર્શનોની નેપાળ અને બાંગ્લાદેશમાં સત્તા પરિવર્તન માટે થયેલા હિંસક પ્રદર્શનો સાથે સરખામણી કરવી યોગ્ય નહીં.

દીપકેએ પોતાના સાથીઓ સૌરવ દાસ અને આશુતોષ રાંકાને જેલમાંથી છૂટ્યા બાદ સમર્થકોને શાંત રહેવા અને નફરતને પોતાના પર હાવી ન થવા દેવા માટે અપીલ કરી છે. તેમણે કહ્યું કે આંદોલનને શાંતિ અને પ્રેમના માર્ગ પર ચાલતું રહેવું જોઈએ. દીપકેએ કહ્યું કે CJPના જેલમાં બંધ કાર્યકર્તાઓ સૌરવ દાસ અને આશુતોષ રાંકાનું શાંતિપૂર્ણ રીતે જેલમાં જવું ગાંધીવાદી સત્યાગ્રહનો પુરાવો છે. બંને હસતા- હસતા જેલમાં ગયા અને તેમના મનમાં ગુસ્સો કે નફરત નહોતી. અમે હિંસાનો માર્ગ પસંદ કર્યો નથી.

દીપકેએ ફ્રાન્સમાં થયેલા હિંસક યુવા તોફાનો અને બાંગ્લાદેશ-નેપાળમાં સત્તા પરિવર્તનનાં આંદોલનોનો ઉલ્લેખ કરતાં કહ્યું, જે લોકો સતત આંગળી ચીંધીને કહે છે કે ફ્રાન્સમાં જુઓ શું થઈ રહ્યું છે, તેમને શરમ આવવી જોઈએ. ભારતમાં જે થઈ રહ્યું છે તે જુઓ. અહીંના અહિંસક વલણ પર ધ્યાન આપવા અપીલ કરી. દીપકે કહ્યું- સૌરવ દાસ અને આશુતોષ બંનેને ખબર હતી કે



તેમને ગેરકાયદેસર રીતે જેલમાં ધકેલવામાં આવી રહ્યા છે. તેમ છતાં તેઓ શાંતિથી જેલમાં ગયા. નેપાળ-બાંગ્લાદેશ સાથેની સરખામણી પર જવાબ દીપકેએ કહ્યું, લોકો નેપાળ અથવા બાંગ્લાદેશની વાત કરે છે, પરંતુ અમારા સાથીઓને જુઓ. તમે તેમનામાં નફરત ભરી શકતા નથી. નફરત તમારી અંદર છે. દરેક વ્યક્તિ સ્પષ્ટ જોઈ શકે છે કે તમારી નફરતે આ દેશને કઈ હાલતમાં પહોંચાડ્યો છે. અમારી અસંમતિની સરખામણી હિંસક સત્તા પરિવર્તન સાથે કરી શકાય નહીં. આ એવું જ છે જેવું મહાત્મા ગાંધીએ કર્યું હતું. તેમના મતે, ગાંધી સત્યાગ્રહને કારણે જેલમાં જતા સમયે શાંતિથી ગયા હતા. દીપકે કહ્યું, હું તેમની મુક્તિની રાહ જોઈ શકતો નથી. દીપકે કહ્યું કે કસ્ટડી અને જેલની સજા આંદોલનનું મનોબળ તોડી શકશે નહીં. આંદોલન હિંસક પણ નહીં બને. દીપકે કહ્યું, જો કોઈને લાગે છે કે સૌરવ અને આશુતોષને જેલમાં ધકેલી દેવાથી તેઓ ડરી જશે અથવા તૂટી જશે, તો એવું ક્યારેય નહીં થાય. બંને બહાર આવ્યા પછી પણ એ જ રીતે હસતા રહેશે. તેઓ 'ઈન્કલાબ ઝિંદાબાદ'ના નારા લગાવશે અને મહાત્મા ગાંધીના શાંતિ તથા અહિંસાના માર્ગ પર ચાલતા રહેશે. કૉકરોચ જનતા પાર્ટી (CJP)ના ચીફ અભિજીત દીપકેએ મંગળવારે વીડિયો નિવેદન જાહેર કર્યું. તેમણે કહ્યું કે ભારતમાં થઈ રહેલા પ્રદર્શનોની તુલના નેપાળ અને બાંગ્લાદેશમાં સત્તા પરિવર્તન માટે થયેલા હિંસક પ્રદર્શનો સાથે કરવી યોગ્ય નથી. દીપકેએ પોતાના સાથીદારો સૌરવ દાસ અને આશુતોષ રાંકા જેલમાંથી બહાર આવ્યા બાદ સમર્થકોને શાંત રહેવા અને નફરતને પોતાના પર હાવી ન થવા દેવાની અપીલ કરી છે.

## એક નજર...

### એક્ટ્રેસ વામિકા ગબ્બીના ગ્લેમરસ સાડી લૂક વાયરલ થયો



બોલીવૂડ એક્ટ્રેસ વામિકા ગબ્બી પોતાના ગ્લેમરસ અંદાજથી ચર્ચામાં રહે છે. અભિનેત્રીના સ્ટાઈલિશ સાડી લૂક સોશિયલ મીડિયામાં વાયરલ થતા રહે છે. એક્ટ્રેસ સાડી લૂકમાં ખૂબ જ સુંદર લાગે છે.
એક્ટ્રેસ વામિકા સાડી લૂકમાં ચાહકોના દિલ જીતી રહી છે. અભિનેત્રી મોટી ઈવેન્ટમાં સાડી લૂકમાં જોવા મળે છે.

# રાષ્ટ્રપતિએ તીર ચલાવીને દિલ્હીમાં રાવણ દહન કર્યું

### PM મોદીએ કહ્યું- રામરાજ્યનો અર્થ શાસન નહીં, જનકલ્યાણ; પ્રભુ રામ આપણા આદર્શ, તેઓ અતુલનીય

નવી દિલ્હી

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દિલ્હીના દ્વારકા સેક્ટર-10માં દશેરા સમારોહમાં સામેલ થયા હતા. તેમણે રાવણના પુતળા પર પ્રતીકાત્મક તીર ચલાવીને રાવણ દહન કર્યું હતું. PM મોદી દશેરાના



અવસરે દિલ્હીના આઈપી એક્સટેંશન મેદાન પહોંચ્યા. તેમણે ત્યાં રામલીલામાં સામેલ કલાકારોની આરતી ઉતારી. પછી પ્રતીકાત્મક તીર ચલાવીને રાવણ દહન કર્યું. બીજી બાજુ પટનાના ગાંધી મેદાનમાં બિહારના સૌથી ઊંચા 90 ફૂટ ઊંચા રાવણના પુતળાનું દહન થયું. રાવણ દહન જોવા માટે ગાંધી મેદાનમાં લગભગ 2.5 લાખ લોકો પહોંચ્યા. અમિત શાહે પંજાબના લુધિયાણામાં રિમોટનું બટન દબાવીને રાવણના પુતળાનું દહન કર્યું. હરિયાણાના પંચકુલામાં 221 ફૂટ ઊંચા રાવણનું દહન થશે. આ દેશમાં સૌથી ઊંચું રાવણનું પુતળું જણાવવામાં આવી રહ્યું છે. જ્યારે, દિલ્હીમાં રાવણની સાથે 30 ફૂટ ઊંચા કોકરોચનું પુતળું પણ સળગાવવામાં આવશે. પીએમએ કહ્યું- ભારત પોતાના સાંસ્કૃતિક કેન્દ્રોને દુનિયામાં નવી ઓળખ અપાવી રહ્યો છે. વીતેલા દિવસોમાં ઘણી સાઈટ્સને યુનેસ્કોમાં સામેલ કરવામાં આવી છે. દિવાળીને પણ યુનેસ્કોમાં સામેલ કરવામાં આવી છે. આ કરોડો ભારતીયોની સામૂહિક શક્તિનું પરિણામ છે. સાથીઓ, વિજયદશમી વિજયનો પર્વ છે, જીતનો પર્વ છે.

# દેશના 9 રાજ્યોમાં વીજળીની ભારે અછત, પાવર કાપની શક્યતા

### ગુજરાત, રાજસ્થાન સહિતના રાજ્યોમાં રાત્રે અંધારપટનો ખતરો

નવી દિલ્હી

ભારતમાં પેટ્રોલ, ડીઝલ અને ગેસના સંકટ બાદ હવે વર્ષના અંતિમ ત્રિમાસિક ગાળામાં મોટું વીજ સંકટ તોળાઈ રહ્યું છે. કોલસાથી વીજળીનું ઉત્પાદન વધવા છતાં વધતી માંગ સામે પુરવઠો પહોંચી રહ્યો નથી, જેના કારણે દેશના 9 જેટલા રાજ્યોમાં વીજ અછત વર્તાઈ રહી છે. રૉયટર્સના અહેવાલ મુજબ, સપ્ટેમ્બર 2026માં ભારતમાં વીજળીની ઘટ વધીને 56 કરોડ યુનિટ (560 મિલિયન kWh) થઈ ગઈ છે, જે ઓગસ્ટ 2023 પછીની સૌથી મોટી વીજ કટોકટી માનવામાં આવે છે. આ સ્થિતિને પહોંચી વળવા માટે અસરગ્રસ્ત રાજ્યોએ કેન્દ્ર સરકાર પાસે વધારાની વીજળી આપવા તાકીદ કરી છે. દેશના મુખ્ય રાજ્યો જેવા કે ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ અને દિલ્હીમાં વીજળીની નોંધપાત્ર ઘટ જોવા મળી રહી છે. ખાસ કરીને મોડી રાત્રિના સમયે જ્યારે માંગ વધે છે ત્યારે અછત ટાળવા માટે રાજ્યો વધારાની વીજળી મેળવવા પ્રયાસ કરી રહ્યા છે. દિવસ દરમિયાન સોલાર પાવરનો ટેકો મળી રહે છે, પરંતુ રાત્રે માંગ વધારે હોવાથી ગ્રીડ પર દબાણ વધી જાય છે. 1 પ્રથમ કારણ ઓછો વરસાદ છે, જેના પરિણામે હાઈડ્રો પાવરના ઉત્પાદનમાં ભારે ઘટાડો નોંધાયો છે. 2 બીજું કારણ કોલસા આધારિત પ્લાન્ટ્સમાં સ્ટોકનો અભાવ અને મેન્ટેનન્સ છે. સપ્ટેમ્બરમાં કોલસાથી વીજ ઉત્પાદનમાં 13.3% નો વધારો થયો હોવા છતાં, ગ્રીડ ઈન્ડિયાના આંકડા મુજબ દેશના આશરે 47% કોલસા આધારિત પાવર પ્લાન્ટ્સમાં ઈંધણનો જથ્થો નિર્ધારિત સ્તરના ચોથા ભાગ કરતાં પણ ઓછો બચ્યો છે.

## SCO બેઠકમાં ભારતની લાલ આંખ: રાજનાથ સિંહે કહ્યું- આતંકવાદ સામે બેવડા માપદંડ નહીં ચાલે

શંઘાઇ

શંઘાઈ સહયોગ સંગઠન (SCO)ની 'કાઉન્સિલ ઓફ હેડ્સ ઓફ ગવર્મેન્ટ'ની બેઠકમાં સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે પાકિસ્તાનના ડેપ્યુટી પ્રાઈમ મિનિસ્ટર ઈશાક ડારની હાજરીમાં આતંકવાદ સામે ભારતનું કડક વલણ સ્પષ્ટ કર્યું હતું. દુશાન્બેમાં યોજાયેલી આ બેઠકને સંબોધિત કરતા તેમણે જણાવ્યું હતું કે આજની દુનિયામાં આતંકવાદ શાંતિ અને વિકાસ માટે સૌથી ગંભીર જોખમોમાનો એક છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે આતંકવાદના કારણે માત્ર નિર્દોષ લોકોના જીવ જ નથી જતા, પરંતુ વેપાર, રોકાણ અને યુવાનોનું ભવિષ્ય પણ પ્રભાવિત થાય છે

# મુંબઈમાં જયશંકર-રુબિયો વચ્ચે હાઈ-પ્રોફાઈલ બેઠક

### ભારત-US ટ્રેડ ડીલ પર અમેરિકાના વિદેશ મંત્રીનું મોટું નિવેદન

વોશિંગ્ટન

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો પત્ની સાથે બે દિવસના ભારત પ્રવાસે આવ્યા છે. મુંબઈમાં તેમણે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે મહત્વપૂર્ણ મુલાકાત કરી હતી. બંને નેતાઓ વચ્ચે ભારત અને અમેરિકાના સંબંધો, દ્વિપક્ષીય વેપાર તેમજ પ્રસ્તાવિત ટ્રેડ ડીલ અંગે વિગતવાર ચર્ચા થઈ હતી રુબિયોએ ગેટવે ઓફ



ઈન્ડિયાની મુલાકાત લીધા બાદ 26/11ના આતંકી હુમલાના પીડિતોને શ્રદ્ધાંજલિ અર્પવા તાજ મેમોરિયલ પહોંચ્યા હતા, જ્યાં તેમણે પત્રકારો સાથે વાતચીતમાં ભારતને અમેરિકાનો અત્યંત મહત્વનો સાથી ગણાવ્યો હતો. તાજ મેમોરિયલમાં પત્રકારો સાથે વાત કરતા માર્કો રુબિયોએ કહ્યું કે, 'સૌથી પહેલા તો હું એ યાદ અપાવવા માંગીશ કે ભારતના વિદેશ મંત્રી 4 વખત અમેરિકા આવી ચૂક્યા છે. આ વિશ્વની સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ છે અને વિશ્વની સૌથી મોટી લોકશાહી છે. ભારત અમેરિકાનો એક મહત્વપૂર્ણ વાણિજ્યિક અને વ્યાવસાયિક ભાગીદાર છે. અમે સાથે મળીને ઘણો બધો સંરક્ષણ સહયોગ પણ કરીએ છીએ.'

## NEWS TRACK

### અમેરિકાએ ઇનકાર કર્યો, હવે બ્રિટન કરશે સાઉદીની મદદ:ટાઈફૂન વિમાનો મોકલવાની જાહેરાત

બ્રિટને પોતાના ટાયફૂન લડાકુ વિમાનો સાઉદી અરેબિયા મોકલવાની જાહેરાત કરી છે. આ વિમાનો હૂતી બળવાખોરોના ડ્રોન અને મિસાઈલ હુમલાઓથી સાઉદી શહેરો અને તેલ ઠેકાણાંની રક્ષા કરશે. બ્રિટનના સંરક્ષણ મંત્રાલયે મંગળવારે એ પણ સ્પષ્ટ કર્યું કે તેઓ યમનમાં હૂતી ઠેકાણાં પર હુમલો નહીં કરે. છેલ્લા 2 મહિનાથી હૂતી અને સાઉદી વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો છે. રોઈટર્સના એક અહેવાલ મુજબ સાઉદી અરેબિયાએ હૂતી બળવાખોરો વિરુદ્ધ સીધા અમેરિકી સૈન્ય હુમલાની માગ કરી હતી, પરંતુ ટ્રમ્પે તેનો ઈનકાર કરી દીધો. હવે બ્રિટન સાઉદીની મદદ માટે આગળ આવ્યું છે. ટાઈફૂન માત્ર હુમલો કરનાર લડાકુ વિમાન નથી. તે દુશ્મનના વિમાનોને રોકવા, હવાઈ ક્ષેત્રની સુરક્ષા કરવા અને જરૂર પડે ત્યારે જમીન પર હુમલો કરવા સક્ષમ છે. તેનું રડાર દૂરથી અન્ય વિમાનોને શોધવામાં મદદ કરે છે. જરૂર પડે ત્યારે તે તેમનો પીછો કરી શકે છે અને હવામાં મિસાઈલથી તેમને નિશાન બનાવી શકે છે.

### ફ્રાન્સમાં દુનિયાના ગમે તેવા લોકો આવી રહ્યા છે:પેરિસ એક દિવસ મુસ્લિમ શહેર બની જશે

અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે સોમવારે કહ્યું કે પેરિસ ટૂંક સમયમાં મુસ્લિમ શહેર બની જશે. તેમણે ફ્રાન્સમાં ચાલી રહેલી હિંસા માટે રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનની ઈમિગ્રેશન નીતિને જવાબદાર ઠેરવી. ટ્રમ્પ લાંબા સમયથી ઈમિગ્રેશન અંગે કડક વલણની હિમાયત કરતા રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે તેમણે લગભગ 8 વર્ષ પહેલાં મેક્રોનને ચેતવણી આપી હતી કે અન્ય દેશોમાંથી આવતા લોકોને મોટી સંખ્યામાં ફ્રાન્સમાં પ્રવેશ આપવો એક ભૂલ છે. તેમ છતાં સરકારે તેને રોકવા માટે જરૂરી પગલાં લીધા નથી. પ્યુ રિસર્ચ સેન્ટર મુજબ, ફ્રાન્સમાં આશરે 46% લોકો ખ્રિસ્તી છે. આશરે 43% લોકો કોઈ ધર્મને માનતા નથી. મુસ્લિમ વસ્તી આશરે 9% છે. હિંદુ, બૌદ્ધ અને અન્ય ધર્મોને માનનારા લોકોની સંખ્યા આશરે 1% છે. જોકે, ફ્રાન્સમાં વસ્તીગણતરી દરમિયાન લોકોને તેમના ધર્મ વિશે નિયમિત રીતે માહિતી પૂછવામાં આવતી નથી. તેથી અલગ-અલગ સર્વેમાં આ આંકડા થોડા અલગ હોઈ શકે છે.

# અંબાજીમાં મોતના ચગડોળો કોની મંજુરીથી ઊભા થયા? દિવાળી ટાણે ભક્તોના જીવ જોખમમાં મૂકતો વહીવટી તંત્રનો ખુલ્લો ખેલ!

અંબાજી (પાક્કો ગુજરાત ન્યૂઝ)

શક્તિપીઠ અંબાજી ખાતે લાખો શ્રદ્ધાળુઓ જગતના માતૃસ્થાને મા અંબાના દર્શને આવે છે. પરંતુ આગામી દિવાળીના પર્વો અને નવરાત્રિ-તેહવારોની મોસમ નજીક આવતા જ અંબાજીની પવિત્ર ધરા પર કેટલાક વગદારો દ્વારા 'મોતના ચગડોળો' અને જોખમી રાઈડર્સ ધમધમાવવાની ગંદી રમત શરૂ થઈ ગઈ છે. સૌથી મોટો અને સળગતો સવાલ એ છે કે અગાઉ સુરક્ષાના ગંભીર કારણોસર તંત્ર દ્વારા જે રાઈડર્સ અને ચગડોળો પર સખત પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, તે જ ચગડોળો આજે અંબાજી-દાંતા રોડ પર રાતોરાત કેવી રીતે ઊભા થઈ ગયા? શું વહીવટી તંત્ર કોઈ મોટી દુર્ઘટના રાહ જોઈને બેઠું છે?

### 1. નિયમોને નેવે મૂકીને ખેલાતો ખેલ: કોની પરમિશનથી લાગ્યા ચગડોળો?

પ્રાપ્ત વિગતો અનુસાર, અંબાજી અને દાંતા રોડની આસપાસ હાલમાં મોટા પાયે રાઈડર્સ અને ચગડોળો ફીટ કરવાની કામગીરી ચાલી રહી છે. આ અંગે જ્યારે સ્થાનિક જાગૃત નાગરિકો અને મીડિયા દ્વારા તપાસ કરવામાં આવી, ત્યારે અનેક

## ભૂતકાળમાં પ્રતિબંધ છતાં અંબાજી-દાંતા રોડ પર રાઇડર્સ અને ચગડોળો ધમધમવાની તૈયારી: કલેક્ટર, મામલતદાર કે પોલીસ તંત્રના નિયમોને નેવે મૂકીને ચાલતા ખેલ સામે સણસણતા સવાલો!




ચોંકાવનારી બાબતો સામે આવી છે:

વહીવટી મંજૂરીનો અભાવ: શું જિલ્લા કલેક્ટર, મામલતદાર કે સ્થાનિક પોલીસ તંત્ર દ્વારા આ જોખમી રાઈડર્સ માટે કાયદેસરની પરમિશન આપવામાં આવી છે? કે પછી હપ્તાખોરી અને કમિશનના જોરે આ બધું ગેરકાયદેસર રીતે ધમધમી રહ્યું છે?

ટેકનિકલ ફિટનેસના સવાલો: જે રાઈડર્સ હજારો ફૂટ ઊંચે અને હવામાં ફરવાના હોય, તેના સ્ટ્રક્ચરની મજબૂતાઈ, ઈજનેરી ફિટનેસ (Technical Fitness) અને ગાયરો-ટેસ્ટ કોણે કર્યા?

### 2. ફાયર સેફ્ટી અને વીમાના કાગળો માત્ર કાગળ પર જ?

દિવાળી જેવા ભીડભાડ વાળા તહેવારોમાં જ્યારે લાખો શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે, ત્યારે આ પ્રકારના મેળા અને ચગડોળોમાં સુરક્ષાના ધોરણો સૌથી પહેલી પ્રાથમિકતા હોવા જોઈએ. પરંતુ અંબાજીમાં લાગી રહેલા આ રાઈડર્સમાં:

ફાયર સેફ્ટીના નિયમો: જો અચાનક શોર્ટ સર્કિટ કે આગ લાગે, તો હવામાં લટકતા લોકોના જીવ બચાવવા માટે ત્યાં ફાયર સેફ્ટીના શું સાધનો છે?

વીમો અને સુરક્ષા કવચ: જો કોઈ અકસ્માત સર્જાય અને નિર્દોષ ભક્તો કે બાળકોનો ભોગ લેવાય, તો તેની જવાબદારી કોણ સ્વીકારશે? શું આ મેળાના સંચાલકો પાસે સરકારમાન્ય વીમા અને સુરક્ષા પ્રમાણપત્રો છે ખરા?

### 'પાક્કો ગુજરાત' ના સણસણતા સવાલો:

અંબાજીના પવિત્ર ધામને કમાણીના અડ્ડા બનાવતા તત્વો સામે 'પાક્કો ગુજરાત' ન્યૂઝ સીધા સવાલો પૂછે છે:

૧. અગાઉ સુરક્ષાના કારણોસર જે ચગડોળો પર પ્રતિબંધ મુકાયો હતો, તેને અત્યારે મંજુરી કોણે આપી?

૨. શું સ્થાનિક પોલીસ અને તંત્ર આંખ આડા કાન કરીને કોઈ મોટી હોનારત થવાની રાહ જોઈ રહ્યા છે?

૩. જો તાત્કાલિક આ ગેરકાયદેસર રાઈડર્સ અને ચગડોળોની ચકાસણી કરીને સીલ મારવામાં નહીં આવે, તો જનતા રોડ પર ઉતરીને ઉગ્ર વિરોધ પ્રદર્શન કરશે!

તંત્ર હજી પણ ઘસસવાડાની ઊંઘમાંથી જાગશે કે પછી કોઈ નિર્દોષનો ભોગ લેવાયા બાદ જ ખાકી વર્દી હરકતમાં આવશે? તેના પર સમગ્ર ગુજરાતની નજર છે!


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## અસત્ય પર સત્યનો વિજય: વિજયાદશમી પર્વે ખેડા પોલીસ હેડક્વાર્ટર ખાતે પરંપરાગત શસ્ત્ર પૂજન, શૌર્ય અને જનસેવાના સંકલ્પ સાથે ખાખી સજ્જ!

ખેડા/નડિયાદ

અધર્મ પર ધર્મ, અસત્ય પર સત્ય અને બૂરાઈ પર ભલાઈના વિજયના મહાપર્વ વિજયાદશમી (દશેરા) નિમિત્તે સમગ્ર રાજ્યમાં ઉત્સાહનો માહોલ છે, ત્યારે ખેડા જિલ્લા પોલીસ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ ખેડા પોલીસ હેડક્વાર્ટર ખાતે અત્યંત શ્રદ્ધા, ઉત્સાહ અને દબદબાભેર શસ્ત્ર પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો. પોલીસ બેડાના તમામ નાના-મોટા શસ્ત્રો, રાઈફલો, તલવારો અને વાહનોનું પૂજન કરીને ખેડા જિલ્લા પોલીસે નાગરિકોની શાંતિ, સુનિશ્ચિત સુરક્ષા અને જનસેવા માટે પોતાના સંકલ્પને વધુ મજબૂત બનાવ્યો હતો. ખેડા પોલીસ હેડક્વાર્ટર ખાતે આયોજિત આ ભવ્ય શસ્ત્ર પૂજન કાર્યક્રમમાં જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બ્રાહ્મણો દ્વારા મંત્રોચ્ચાર અને પવિત્ર વિધિ-વિધાન સાથે તમામ આધુનિક અને પરંપરાગત શસ્ત્રોનું પૂજન કરવામાં આવ્યું હતું. કુમકુમ તિલક અને ફુલહાર અર્પણ કર્યા બાદ શાસ્ત્રોક્ત વિધિથી પૂજા-અર્ચના સંપન્ન કરવામાં આવી હતી. પૂજન વિધિ પૂર્ણ થયા બાદ હેડક્વાર્ટરના પટાંગણમાં શસ્ત્ર સલામી આપવામાં આવી હતી, જેનાથી સમગ્ર વાતાવરણ શૌર્ય અને કર્તવ્યનિષ્ઠાના અહેસાસથી ગુંજી ઉઠ્યું હતું. આ પ્રસંગે ઉચ્ચ પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, વિજયાદશમી એ માત્ર એક તહેવાર નથી પરંતુ અનિષ્ટ સામે લડવાના પ્રતીક સમાન પર્વ છે. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે તેમજ અસામાજિક તત્વો સામે લાલ આંખ કરવા માટે શસ્ત્રો એ પોલીસનું કવચ અને સાધન છે.

## ગાંધીનગર અને અમદાવાદ પોલીસના નાક નીચે 4 વર્ષથી ફરાર મોસ્ટ વોન્ટેડ કુખ્યાત શખ્સ ઝડપાયો!

ગાંધીનગર

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની મોટી મોટી વાતો વચ્ચે ખાકી વર્દીએ પોતાની કાબેલિયત સાબિત કરી દીધી છે. ગાંધીનગર અને અમદાવાદ જેવા સંવેદનશીલ શહેરોમાં બળાત્કાર જેવા અત્યંત ગંભીર ગુનાથી માંડીને કરોડોની ઠગાઈ, વિશ્વાસઘાત અને ખોટા દસ્તાવેજો બનાવીને છેલ્લા ચાર લાંબા વર્ષોથી પોલીસને આંખમાં ધૂળ નાખીને નાસતા ફરતા એક કુખ્યાત આરોપીને ગાંધીનગર એલ.સી.બી.-૨ (LCB-2) ની ટીમે કોટેશ્વર વિસ્તારમાંથી સકંજામાં લીધો છે. પોલીસની આ ઘાતક અને ટ્રેકિંગ કામગીરીથી ગુનેગારોમાં ભારે સન્નાટો ફેલાઈ ગયો છે. ગાંધીનગર વિભાગના નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી વિરેન્દ્રસિંહ યાદવ અને ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી રવિ તેજા વાસમસેટ્ટી દ્વારા જિલ્લામાં અગાઉ નોંધાયેલા અને કાયદાની પકડથી દૂર ભાગતા ગંભીર ગુનાઓના વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા માટે સ્પેશિયલ ડ્રાઈવ (મુહિમ) શરૂ કરવાના કડક આદેશો આપવામાં આવ્યા હતા.

આ ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી.-૨ ના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી કે.જે. રાઠોડ ની આગેવાનીમાં અને પીએસઆઈશ્રીઓ બી.એચ. ઝાલા, એન.બી.રાઠોડ તથા એન.એમ.સિસોદિયા ની અલગ-અલગ સ્પેશિયલ ટીમો બનાવવામાં આવી હતી. આ ટીમોએ વર્ષો જૂના કેસ પેપરો ફરી વંચાણે લીધા અને નાસતા ફરતા ગુનેગારોની કુંડળી તૈયાર કરી હતી.

## ખેડામાં કેમિકલ કંપની સામે લોકોનો આક્રોશ ફાટી નીકળ્યો: લીંબાસી-રણાસર રોડ પર આવેલી 'કોનકોર્ડ કંપની' વિરુદ્ધ ગ્રામજનોનો હલ્લાબોલ!

ખેડા/નડિયાદ

ચરોતરના કલ્લોલતા ખેડા જિલ્લાના લીંબાસી વિસ્તારમાંથી એક અતિ ગંભીર અને લોકોના સ્વાસ્થ્ય સાથે સીધો સંકળાયેલો મુદ્દો સામે આવ્યો છે. લીંબાસી-રણાસર રોડ પર આવેલી કોનકોર્ડ કંપની દ્વારા બેફામ રીતે ઝેરી વાયુ (પોઈઝનસ ગેસ) અને કેમિકલયુક્ત પ્રદૂષણ છોડવામાં આવી રહ્યું હોવાના ગંભીર આક્ષેપો સાથે સ્થાનિક ગ્રામજનોમાં ભારે રોષ અને આક્રોશ ભભૂકી ઉઠ્યો છે. પોતાના જ ગામની ધરતી પર ધમધમતી આ કંપનીના ઝેરી વાતાવરણથી કંટાળીને હવે રણાસર અને લીંબાસીના લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે. સ્થાનિકો પાસેથી મળતી હૃદયદ્રાવક વિગતો અનુસાર, રણાસર રોડ પર સ્થિત આ કોનકોર્ડ કંપની દ્વારા સમયાંતરે હવા અને વાતાવરણમાં દુર્ગંધયુક્ત તથા વિષકારી ઝેરી વાયુ છોડવામાં આવે છે. જેવી ગંભીર શારીરિક સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને નાના બાળકો અને વૃદ્ધોના આરોગ્ય પર આ ઝેરી પ્રદૂષણનો સીધો અને ઘાતક પ્રહાર થઈ રહ્યો છે. રણાસર અને લીંબાસીના ગ્રામજનોએ એકઠા થઈને આ કંપની સામે પોતાનો આક્રોશ ઠાલવ્યો હતો અને સનસનીખેજ આક્ષેપો કર્યા હતા કે કંપની પોતાના નફા ખાતર આસપાસના હજારો લોકોના જીવન સાથે ખિલવાડ કરી રહી છે.

## ગરબા રમીને પરત ફરતા બે યુવતી, એક યુવકનું મોત : અડાલજ નજીક કાર ડિવાઈડર સાથે અથડાઈને પલટી ગઈ

ગાંધીનગર

ગાંધીનગરના અડાલજ રોડ પર આવેલી મહારાજા હોટેલ નજીક આજે દશેરાની વહેલી સવારે પૂરપાટ ઝડપે જઈ રહેલી હોન્ડાઈ વરના કાર (GJ 01 KW 5647) રોડ વચ્ચેના ડિવિડર સાથે અથડાઈને પલટી મારી ગઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં કારમાં સવાર ચારમાંથી એક યુવક અને યુવતીનું સ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. બીજા યુવક-યુવતીને ગંભીર હાલતમાં નજીકની કે. ડી. હોસ્પિટલ સારવારમાં ખસેડાયા હતા, જ્યાં યુવતીનું પણ મોત થતાં મૃત્યુઆંક ત્રણ થયો છે. જ્યારે ચોથા યુવકની સ્થિતિ પણ ગંભીર છે. અડાલજ પોલીસ સ્ટેશનના પી.આઈ. દેસાઈએ કહ્યું કે,આ દુર્ઘટનામાં ત્રણ લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે, જેમાં ધ્રોળવીરસિંહ રાજપાલસિંહ રાણા (રહે. વસ્ત્રાલ, અમદાવાદ), આસ્થા સંજયરાજ રાઠોડ (મૂળ રહે. રાજકોટ, હાલ આંબાવાડી ગર્લ્સ હોસ્ટેલ, અમદાવાદ) અને વૈશ્વી શંશાંકભાઈ શેઠ (રહે. બોડકદેવ, અમદાવાદ) સામેલ છે. જ્યારે આ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલ સ્મિત નામના યુવકને વધુ સારવાર અર્થે જીવરાજ મહેતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

### સાધુના વેશમાં છુપાયેલા હવસખોર 'કુસાધુ' સામે પાક્કો ગુજરાતનો ખુલ્લો પડકાર

# જૈન સમાજની પવિત્રતા લજવતા સાગરચંદ્ર સાગરની કાળી કરતૂતોનો પર્દાફાશ!

### સાધ્વીઓ જોડે અશ્લીલ વિડિઓ કૉલ અને ફોન સેક્સના કાળા કારનામા આવ્યા સામે: કરોડોના ભ્રષ્ટાચાર અને સોશિયલ મીડિયા પર PR ટીમ રાખી બચાવ કરવાના પેંતરાઓનો ધોરણસર દસ્તાવેજી પર્દાફાશ!

(પાક્કો ગુજરાત ન્યૂઝ)

અહિંસા, પરમો ધર્મ અને સત્યના માર્ગ પર ચાલનારા શાંતિપ્રિય જૈન સમાજની આબરૂને ધૂળમાં મેળવવાનું પાપ કોઈ સામાન્ય શૈતાને નહીં, પરંતુ સાધુના પવિત્ર વેશમાં બેઠેલા કેટલાક ભ્રષ્ટ અને હવસખોર તત્વો કરી રહ્યા છે. જૈન ધર્મની મર્યાદાઓને લજવનાર અને સાધ્વીઓ સાથે અત્યંત શરમજનક કૃત્યો આચરનાર કહેવાતા જૈન મુનિ સાગરચંદ્ર સાગર અને તેમના સાગર સમુદાયના કુસાધુઓની અસલિયત હવે 'પાક્કો ગુજરાત' ન્યૂઝ સમક્ષ ખુલ્લી પડી ગઈ છે. સાધુના વેશમાં છુપાઈને પોતાની હવસ સંતોષવા માટે માસૂમ અને ધર્મના માર્ગે ચાલતી સાધ્વીઓને શિકાર બનાવતા આ તત્વો સામે હવે જૈન સમાજમાં જબરો રોષ ફાટી નીકળ્યો છે!






#### 1. સાધ્વીઓ સાથે અશ્લીલ વિડિઓ કૉલ અને ફોન સેક્સની ઘૃણાસ્પદ વાસ્તવિકતા

સંત અને મુનિનું જીવન સંયમ, ત્યાગ અને પવિત્રતાનું પ્રતિક માનવામાં આવે છે. પરંતુ સાગરચંદ્ર સાગર જેવા કુસાધુઓએ આ પવિત્રતાને કલંકિત કરી છે. આ ગંદી માનસિકતા ધરાવતા કુસાધુઓ દ્વારા જૈન સાધ્વીઓ સાથે અશ્લીલ વિડિઓ કૉલ અને ફોન સેક્સ કરવામાં આવતા હોવાના પુરાવા અને વિગતો બહાર આવતા જ સમગ્ર જૈન જગતમાં ભૂકંપ સર્જાયો છે. વહુ-દીકરીઓની અસુરક્ષા: આવા કુસાધુઓના કારણે આજે જૈન સમાજની વહુઓ અને દીકરીઓ પણ અસુરક્ષિત અનુભવી રહી છે. સાગર સમુદાયનું સંરક્ષણ: જો સાગર સમુદાયમાં ક્યારેય કોઈ કાંડ કે કૌભાંડ બહાર આવે, તો આ સાગરચંદ્ર સાગર ખુદ આગળ આવીને આવા કુસાધુઓનો બચાવ કરે છે અને તેમને છાવરે છે.

#### 2. કરોડોનો ભ્રષ્ટાચાર અને બચાવ માટે પૈસા ફેંકવાની રમત

માત્ર ચારિત્ર્યહિનતા જ નહીં, પરંતુ ધર્મના નામે ધંધાકીય વ્યાપાર ચલાવવામાં પણ આ કુસાધુઓ કોઈ કસર છોડતા નથી.

દીક્ષા સમારોહ અને ઉછામણીના નામે ભોળા ભક્તો પાસેથી કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરવામાં આવે છે.

આ કરોડોની કાળી કમાણીમાંથી લાખો રૂપિયા સાધ્વીઓને અને પોતાના બચાવ માટે સોશિયલ મીડિયા પર સક્રિય પેઈડ (Paid) ટ્રોલર્સ અને ટીમોને આપવામાં આવે છે.

જ્યારે 'પાક્કો ગુજરાત' ન્યૂઝ દ્વારા આ કાળી કરતૂતોના ફોટા અને વિગતો પ્રકાશિત કરવામાં આવ્યા, ત્યારે સાગરચંદ્ર સાગર દ્વારા શરૂઆતમાં ખોટા મેડિકલ કે લેબ રિપોર્ટ રજૂ કરીને એવું સાબિત કરવાનો પ્રયાસ કરાયો કે તેમની વિરુદ્ધ કોઈ મોટું ષડયંત્ર રચાયું છે! આ રિપોર્ટના આધારે અગાઉ કેટલાક લોકો ગેરમાર્ગે પણ ગયા હતા, પરંતુ જૈન સમાજના પ્રબુદ્ધ અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ જ્યારે ઊંડાણપૂર્વક અને વિસ્તારથી તપાસ કરી, ત્યારે આ કુસાધુની અસલી રાસલીલા અને પાખંડનો પર્દાફાશ થઈ ગયો!

#### 3. સોશિયલ મીડિયા પર પ્રાયોજિત (Paid) બચાવના પેંતરા

પોતાની કરતૂતો છુપાવવા માટે સાગરચંદ્ર સાગરે એક ખાસ સોશિયલ મીડિયા ટીમ બનાવી છે, જેનું એકમાત્ર કામ આવા કુસાધુઓનો બચાવ કરવાનું અને ખોટા પત્રકો કે પોસ્ટરો વાયરલ કરવાનું છે. હાલમાં આવા જ બચાવવાળા પોસ્ટરો મોબાઈલ પર ફરતા થયા છે, જેનાથી સ્પષ્ટ થાય છે કે ચોરની દાઢીમાં તણખું છે.

જે વ્યક્તિ અંદરથી સાચો હોય તેને સોશિયલ મીડિયા પર ભાડે રાખેલા માણસો દ્વારા પોસ્ટરો છપાવવાની જરૂર કેમ પડે? જૈન સમાજ એ ભગવાન મહાવીરના અહિંસા અને સત્યના માર્ગે ચાલનારો અત્યંત શાંતિપ્રિય સમાજ છે. પરંતુ આવા ગંદી માનસિકતા ધરાવતા કુસાધુઓના લીધે સામાન્ય લોકોનો સાધુઓ પરથી વિશ્વાસ ઉઠી રહ્યો છે.

'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપર આ કુસાધુ સાગરચંદ્ર સાગરને ખુલ્લો પડકાર ફેંકે છે: 'જો તમારામાં જરાય સત્ય હોય, જો તમે નિર્દોષ હોવ, તો મીડિયા અને જૈન સમાજની સમક્ષ આવો! તમારા પુરાવાઓ સાથે મેદાનમાં આવો અને સાચા-ખોટાનો ફેંસલો કરો! માત્ર પૈસાના જોરે સોશિયલ મીડિયા પર પોસ્ટરો ફેરવવાથી તમારી કાળી કરતૂતો છૂપાઈ જવાની નથી!'

આવા કુસાધુઓને સાધુના વેશમાંથી મુક્ત કરીને સામાન્ય આદમીનો વેશ પહેરાવી દેવો જોઈએ અને જૈન સમાજમાંથી હાંકી કાઢવા જોઈએ, તો જ જૈન સમાજની પ્રતિષ્ઠા અક્ષુણ રહેશે અને સમાજ એકજૂટ થશે!

### છોટાઉદેપુરમાં ભાજપમાં જ બળવો કે સાચું સત્ય બહાર આવ્યું?

## ભાજપના જ નગરપાલિકા પ્રમુખની 'પ્લીઝ રેત ખનન બંધ કરો' ની અપીલથી રાજકારણમાં ભૂકંપ!

### બેફામ રેત ખનનને કારણે સમગ્ર જિલ્લામાં પાણીની ભયંકર તંગીના એંધાણ: પક્ષના નેતાઓ અને અધિકારીઓને મરચાં લાગ્યા છતાં જનતાએ ડૉ. રજનીબેન રાઠવાના નિવેદનને આપ્યું ખુલ્લું સમર્થન!

છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લામાંથી રાજકારણને ગરમાવી દે તેવી અને સત્તાધારી પક્ષના પાયા હચમચાવી નાખતી એક અત્યંત મોટી ખબર સામે આવી છે. છોટાઉદેપુર શહેર અને જિલ્લાભરના ગામોમાં ટૂંક સમયમાં જ પાણીની ગંભીર અને ભયંકર તંગી સર્જાવાની છે, અને આ માટે બહારના કોઈ નહીં પરંતુ ખુદ ભાજપ સરકાર, સ્થાનિક સાંસદો, ધારાસભ્યો અને તંત્રના ભ્રષ્ટ અધિકારીઓ જવાબદાર હોવાનો સનસનીખેજ આક્ષેપ થયો છે. નવા બનેલા છોટાઉદેપુર નગરપાલિકાના પ્રમુખ ડૉ. રજનીબેન રાઠવા (જેઓ ખુદ ભાજપ સાથે જોડાયેલા છે) દ્વારા ખુલ્લેઆમ એવું નિવેદન આપવામાં આવ્યું છે કે, 'પ્લીઝ રેત ખનન બંધ કરો', જેણે સમગ્ર રાજ્યમાં ખળભળાટ મચાવી દીધો છે. સ્થાનિક સ્તરેથી મળતી વિગતો મુજબ, છોટાઉદેપુર અને તેની આસપાસના વિસ્તારોમાં લાંબા સમયથી બેફામ અને ગેરકાયદેસર રેત ખનન (રેતી ચોરી) પૂરજોશમાં ચાલી રહ્યું છે. નદીઓના પેટાળમાંથી બેફામ રેતી ઉલેચી લેવાને કારણે જળસ્ત્રોતો સુકાઈ રહ્યા છે અને આગામી દિવસોમાં પીવાના પાણી માટે હાહાકાર મચી જાય તેવી ભયાનક સ્થિતિ સર્જાઈ છે. આ ગંભીર પરિસ્થિતિને પારખીને ભાજપના જ નગરપાલિકા પ્રમુખ ડૉ. રજનીબેન રાઠવાએ પક્ષ કે હોદ્દાની પરવા કર્યા વગર સીધેસીધી ભાજપ સરકાર, તંત્ર અને નેતાઓને આડેહાથ લેતા અપીલ કરી હતી કે જો તાત્કાલિક આ રેત ખનન બંધ નહીં કરવામાં આવે તો પ્રજા ભારે મુશ્કેલીમાં મુકાઈ જશે. ડૉ. રજનીબેન રાઠવા દ્વારા સત્ય ઉજાગર કરવામાં આવતાની સાથે જ સત્તાવાર બેડામાં અને ભાજપના મોટા ગજાના નેતાઓ તથા વહીવટી તંત્રના ભ્રષ્ટ અધિકારીઓમાં ભારે મરચાં લાગી ગયા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. પોતાના જ પક્ષના નેતા દ્વારા સરકારની પોલ ખોલી દેવામાં આવતા રાજકીય ગલિયારોમાં ગરમાવો આવી ગયો છે. બીજી બાજુ, સર્વસામાન્ય જનતા અને સ્થાનિક લોકો ખુલ્લેઆમ ડૉ. રજનીબેન રાઠવાના આ સાહસિક નિવેદનના સમર્થનમાં આવ્યા છે. જનતાનું સ્પષ્ટ માનવું છે કે પક્ષ ભલે ગમે તે હોય, પરંતુ જો પ્રજાના હિતની અને પાણી જેવી પાયાની જરૂરિયાતની વાત આવે ત્યારે સાચું બોલવું એ જ સાચો ધર્મ છે. રેત ખનનના કાળા કારોબારમાં સંડોવાયેલા મોટા માથાઓ સામે હવે પ્રજા અને સ્થાનિક નેતૃત્વ દ્વારા મોરચો ખોલવામાં આવતા આગામી દિવસોમાં આ મામલો વધુ ગરમાય તેવી પૂરેપૂરી શક્યતાઓ છે.

### 'જેલનો બદલો વ્યાજ સાથે વસૂલશું!'

## AAPના નેતા ઈસુદાન ગઢવીના હુંકારે ગુજરાતના રાજકારણમાં મચાવ્યો રાજકીય ભૂકંપ!

ગાંધીનગર

ગુજરાતના રાજકારણમાં આગામી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીના હજુ સમય બાકી છે, પરંતુ અત્યારથી જ રાજકીય પારો સાતમા આસમાને પહોંચી ગયો છે. આમ આદમી પાર્ટી (AAP) ના રાષ્ટ્રીય સંયુક્ત મંત્રી અને દિગ્ગજ નેતા ઈસુદાન ગઢવીએ એક જાહેર મંચ પરથી સરકાર સામે અત્યંત આક્રમક અને લડાયક તેવર અપનાવતા રાજકીય ગલિયારોમાં ભારે ખળભળાટ મચી ગયો છે. 'જેલનો બદલો ૨૦૨૭માં વ્યાજ સાથે વસૂલ કરીશું' તેવું ઘાતક અને જોરદાર નિવેદન આપીને ઈસુદાન ગઢવીએ સત્તાધારી પક્ષ પર સીધો અને ખુલ્લો પ્રહાર કર્યો છે. આમ આદમી પાર્ટીના આદિવાસી ચહેરા અને ધારાસભ્ય ચૈતર વસાવા તેમજ પાર્ટીના અન્ય નેતાઓ સામે અગાઉ કરવામાં આવેલી કાર્યવાહી અને જેલવાસને મુદ્દે 'આપ' નેતાઓએ હવે આક્રમક રણનીતિ અપનાવી લીધી છે. ઈસુદાન ગઢવીએ પોતાના નિવેદનમાં સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપી છે કે વિપક્ષના અવાજને દબાવવા માટે જે પ્રકારના હથકંડા અપનાવવામાં આવ્યા છે, તેનો જવાબ પ્રજા ૨૦૨૭ની ચૂંટણીમાં વ્યાજ સાથે આપશે.

ગુજરાતમાં વિપક્ષ તરીકે આમ આદમી પાર્ટી હવે સરકારને ઘેરવા માટે એક ઈંચ પણ જમીન છોડવા તૈયાર નથી. ઈસુદાન ગઢવીના આ જોરદાર હુંકારથી સ્પષ્ટ થઈ ગયું છે કે આગામી દિવસોમાં ગુજરાતનું રાજકારણ વધુ રસાકસીભર્યું અને ઘર્ષણવાળું બનશે. શું સરકાર સામેની આ લડાઈ ૨૦૨૭માં મોટો બદલાવ લાવશે? શું ભાજપ આ આક્રમક તેવરનો કોઈ રાજકીય જવાબ આપશે? તે તમામ બાબતો આગામી સમયના રાજકીય સમીકરણો નક્કી કરશે.

### નડિયાદમાં બિલ્ડર માફિયાઓનું મહાકૌભાંડ

## યોગીનગર બાદ હવે પીજ ગામમાં 'આદ્ય વિલા'ના નામે કરોડોની ઠગાઈ

### ગ્રાહકોના નામે બેંકોમાંથી કરોડોની લોન ઉપાડી બિલ્ડરો ગાયબ: 7 વર્ષ અગાઉ કાગળ પર રોડ બતાવ્યા ત્યાં આજે અન્ય સોસાયટીઓ ઊભી થઇ ગઇ, બેંકોએ મકાનો સીલ કરી દીધા!

નડિયાદ

ખેડા જિલ્લાના મુખ્ય મથક નડિયાદ અને આસપાસના ગ્રામીણ વિસ્તારોમાં રિયલ એસ્ટેટના નામે પ્રજાના પરસેવાની કમાણી લૂંટવાનું બિલ્ડરોનું બહુચર્ચિત અને મોટું કૌભાંડ ફાટી નીકળ્યું છે. નડિયાદના યોગીનગર વિસ્તારમાં બિલ્ડરોની અસલિયત છતી થયા બાદ હવે પીજ ગામની સીમમાં આકાર પામેલી 'આદ્ય વિલા' (Adya Vila) સોસાયટીમાં બિલ્ડરોની ઘાતક અને યોજનાબદ્ધ ઠગાઈ બહાર આવી છે. પોતાના સ્વપ્નના ઘરની આશાએ હાર્ડ-અર્ન્ડ મની રોકનારા ગ્રાહકોના નામે બેંકોમાંથી કરોડો રૂપિયાની હોમ લોન ઉપાડી લીધા બાદ પણ બિલ્ડરોએ મકાનોનું કામ સાવ અધૂરું છોડી દીધું છે. આટલું ઓછું હોય તેમ, મકાનનો કબજો ન મળતાં પીડિત માલિકોએ લોનના હપ્તા ભરવાનું બંધ કરતાં હવે બેંકો દ્વારા આ અધૂરા મકાનો સીલ કરી દેવામાં આવ્યા છે, જેનાથી ગ્રાહકો પર આભ તૂટી પડ્યું છે! પ્રાપ્ત વિગતો અનુસાર, પીજ ગામની સીમમાં આવેલા આ પ્રોજેક્ટમાં ગ્રાહકો સાથે ખુલ્લેઆમ વિશ્વાસઘાત અને ધોકાધડી કરવામાં આવી છે. બિલ્ડરોએ ૭ વર્ષ અગાઉ જ્યારે ગ્રાહકોને સ્કીમ બતાવી ત્યારે જે સત્તાવાર પ્લાન અને રોડ-રસ્તા દર્શાવ્યા હતા, ત્યાં આજે આશ્ચર્યજનક રીતે અન્ય સોસાયટીઓ બની ગઈ છે! બિલ્ડર માફિયાઓની આ મોડસ ઓપરેન્ડી જોઈને તપાસ એજન્સીઓ પણ ચોંકી ઉઠી છે.

રોડ ગાયબ: મૂળ નકશા મુજબના રસ્તાઓ કાગળ પર જ રહી ગયા અને તે જમીન પર અન્ય બાંધકામો ઊભાં કરી દેવાયાં. અધૂરું બાંધકામ: ગ્રાહકો પાસેથી પૂરેપૂરા નાણાં અને બેંકમાંથી લોનની ૧૦૦% રકમ મેળવી લીધા બાદ પણ મકાનોનું કામ અડધેથી અટકાવી દેવાયું. સુવિધાઓનો અભાવ: પાયાની સુવિધાઓ જેમ કે ડ્રેનેજ, વિજળી અને રસ્તા આપ્યા વગર જ ગ્રાહકોને રામભરોસે છોડી દેવાયા. બિલ્ડરોની આ ગંદા ખેલમાં સૌથી વધુ હાલકી માધ્યમવર્ગીય અને ગરીબ કમાઉ પરિવારોની થઈ છે. પોતાના હકના મકાનનો કબજો ન મળતાં અને બિલ્ડરો તરફથી કોઈ સંતોષકારક જવાબ ન મળતાં કંટાળેલા પીડિત મકાન માલિકોએ બેંકના ઈએમઆઈ (EMI) ભરવાના બંધ કરી દીધા હતા.

### ભાવનગરમાં જમીનનો મહાવિવાદ ફાટ્યો

## 70 હજારથી વધુ વીઘા જમીન કંપનીઓને ફાળવવા સામે કરશનબાપુ ભાદરકાનું રૌદ્ર સ્વરૂપ

ભાવનગર

ભાવનગર જિલ્લાના રાજકારણ અને ગ્રામીણ પંથકમાંથી એક અત્યંત સનસનીખેજ અને મોટા સમાચાર સામે આવ્યા છે. ભાવનગર જિલ્લાના પાંચ મોટા તાલુકાઓ–જેમાં વલ્લભીપુર, સિહોર, ઘોઘા, તળાજા અને મહુવા નો સમાવેશ થાય છે–તેની અંદાજે ૭૦ હજાર વીઘાથી વધુ જમીન ઉદ્યોગો અને ખાનગી કંપનીઓને વેચવા કે ફાળવવાના વિવાદાસ્પદ મુદ્દે ભારે હોબાળો મચી ગયો છે. લોકલાડીલા આગેવાન કરશનબાપુ ભાદરકા દ્વારા આ મામલે સરકાર સામે સીધા સવાલો ઉઠાવીને પ્રક્રિયા તાત્કાલિક ધોરણે મુલતવી રાખવાની માંગ કરવામાં આવી છે, સાથે જ જો માંગ સ્વીકારવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલન છેડવાની ઘાતક ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ભાવનગર જિલ્લાના વલ્લભીપુર, સિહોર, ઘોઘા, તળાજા અને મહુવા પંથકની હજારો વીઘા જમીન કંપનીઓને હસ્તગત કરવાના સરકારી આયોજનને લઈને ખેડૂતોમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે. કરશનબાપુ ભાદરકાએ સ્પષ્ટ શબ્દોમાં આક્ષેપ કર્યો છે કે આ પ્રકારે તોતિંગ જમીન ઉદ્યોગપતિઓને સોંપવાથી સ્થાનિક ખેડૂતોનું અસ્તિત્વ જોખમમાં મુકાઈ જશે. ખેડૂતોની ઉપજાઉ જમીન પર તરાપ: પેઢીઓથી ખેતી કરીને ગુજરાન ચલાવતા ખેડૂતોની જમીનો છીનવાઈ જવાનો ડર ઊભો થયો છે. ગામડાઓની ગરિમા અને અસ્મિતા: ગ્રામીણ સંસ્કૃતિ અને માળખાને નુકસાન પહોંચવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી છે. ગૌચર જમીનનું સંરક્ષણ: પશુપાલકો માટે અત્યંત મહત્વની એવી ગૌચર જમીનો પણ આ યોજનાની ઝપેટમાં આવી રહી છે, જેને કારણે મૂંગા પશુઓનો ચારાનો પ્રશ્ન ગંભીર બનશે.

કરશનબાપુ ભાદરકાએ સરકારને લલકાર ફેંકતા ચેતવણી આપી છે કે જો સરકાર આ અતિ સંવેદનશીલ જમીન ફાળવણીની પ્રક્રિયાને તાત્કાલિક ધોરણે મુલતવી નહીં રાખે, તો ખેડૂતો ચૂપ બેસી રહેશે નહીં.

પાક્કો ગુજરાત

બુધવાર | 21 ઓક્ટોબર 2026 | અમદાવાદ

## 41 દીકરીઓને તલવાર દીક્ષા આપી નારીશક્તિ સશક્તિકરણનો સંદેશ અપાયો

# ગાંધીનગરમાં ભારત રક્ષા મંચ અને ગંગા સમગ્રના સંયુક્ત ઉપક્રમે ભવ્ય દુર્ગા દૌડ અને શસ્ત્રપૂજન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર

વિજયા દશમીના પાવન પર્વ નિમિત્તે ભારત રક્ષા મંચ અને ગંગા સમગ્રના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગરમાં ભવ્ય દુર્ગા દૌડ અને શસ્ત્રપૂજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતીય સંસ્કૃતિ, શક્તિ ઉપાસના, નારીશક્તિના સશક્તિકરણ અને પર્યાવરણ સંરક્ષણના ઉમદા સંદેશ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કાર્યકરો, મહિલાઓ, દીકરીઓ, સામાજિક અગ્રણીઓ અને મહાનુભાવોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન 41 દીકરીઓને તલવાર દીક્ષા આપવામાં આવી હતી અને મહિલાઓમાં સ્વરક્ષણ, આત્મવિશ્વાસ, સાહસ તથા રાષ્ટ્રભાવનાની જાગૃતિ લાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.



વિજયા દશમીના પર્વે શસ્ત્રપૂજનની પરંપરાને ઉજાગર કરતા આયોજિત આ કાર્યક્રમમાં ભારતીય સંસ્કૃતિ અને સનાતન પરંપરાનું ગૌરવપૂર્ણ પ્રદર્શન જોવા મળ્યું હતું. શસ્ત્રપૂજન દ્વારા શક્તિ, શૌર્ય, સાહસ અને ધર્મના રક્ષણના સંકલ્પને વ્યક્ત કરવામાં આવ્યો હતો. સાથે જ દુર્ગા દૌડના માધ્યમથી સમાજમાં એકતા, રાષ્ટ્રપ્રેમ અને સામાજિક જાગૃતિનો સંદેશ પ્રસરાવવામાં આવ્યો હતો.

કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ 41 દીકરીઓને આપવામાં આવેલી તલવાર દીક્ષા રહી હતી. આ પ્રસંગે દીકરીઓને શારીરિક અને માનસિક રીતે સક્ષમ બનવા, આત્મવિશ્વાસ સાથે જીવનમાં આગળ વધવા તથા જરૂરિયાતના સમયે પોતાના સ્વરક્ષણ માટે સજાગ રહેવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. નારીશક્તિ એ સમાજની શક્તિ છે અને સશક્ત મહિલા જ સશક્ત પરિવાર, સમાજ તથા રાષ્ટ્રના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે, તે ભાવનાને કાર્યક્રમમાં વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આયોજક સંસ્થાઓ દ્વારા ભારતીય સંસ્કૃતિમાં નારીશક્તિના મહત્ત્વને ઉજાગર કરવામાં આવ્યું હતું. માતા દુર્ગાના શક્તિ સ્વરૂપમાંથી પ્રેરણા લઈને દીકરીઓમાં સાહસ, શિસ્ત, સંસ્કાર અને રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારીની ભાવના વિકસે તેવા હેતુથી તલવાર દીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ યોજાયેલી આશરે ત્રણ કિલોમીટરની ભવ્ય દુર્ગા દૌડમાં ભારતમાતા અને માતા દુર્ગાના જયઘોષ સાથે સહભાગીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શક્તિ ઉપાસના, રાષ્ટ્રભક્તિ અને સનાતન સંસ્કૃતિના નારાઓથી સમગ્ર નગરનું વાતાવરણ ભક્તિમય અને ઉત્સાહસભર બની ગયું હતું. દુર્ગા દૌડ માત્ર એક ધાર્મિક કે સાંસ્કૃતિક કાર્યક્રમ ન રહેતાં સમાજમાં એકતા, શિસ્ત, નારી સન્માન અને રાષ્ટ્રપ્રેમની ભાવના મજબૂત કરતું જનજાગૃતિનું માધ્યમ બની હતી.

દુર્ગા દૌડ અને શસ્ત્રપૂજનના કાર્યક્રમમાં નારીશક્તિના સશક્તિકરણની સાથે પર્યાવરણ સંરક્ષણ અને સ્વચ્છતાને પણ વિશેષ સ્થાન આપવામાં આવ્યું હતું. પર્યાવરણનું જતન કરવું, જાહેર સ્થળોએ સ્વચ્છતા જાળવવી, કચરો ન ફેલાવવો અને પ્રદૂષણથી મુક્ત સમાજના નિર્માણમાં સહભાગી બનવું એ દરેક નાગરિકની સામૂહિક જવાબદારી છે, તેવો સંદેશ આપવામાં આવ્યો હતો. ગંગા સમગ્રના પર્યાવરણલક્ષી અભિગમને અનુરૂપ નદીઓ, જળસ્રોતો અને કુદરતી સંપત્તિની સુરક્ષા પ્રત્યે જનજાગૃતિ કેળવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

## રાજ્યમાં દારૂબંધીના કાગળ પર દાવાઓ પોકળ : હેલ્થ પરમિટના નામે છૂટો દોર!!!

એક જ વર્ષમાં 3054 લોકોએ સિવિલમાંથી મેળવ્યા પરવાના! : 3 વર્ષમાં રેકોર્ડબ્રેક 10,943 પરમિટ ઇશ્યુ: રાજ્યમાં 53 હજારથી વધુ પરમિટ ધારકો, કુલ પરમિટધારકોમાં 66% માત્ર ચાર મહાનગરોના શોખીનો!

અમદાવાદ

ગાંધીજીના ગુજરાતમાં દારૂબંધીના કડક કાયદા હોવાના મોટા દાવાઓ વચ્ચે એક ચોંકાવનારી અને આંખ ઉઘાડનારી વાસ્તવિકતા સામે આવી છે. રાજ્યમાં કાગળ પર દારૂબંધી છે, પરંતુ સત્તાવાર રીતે 'હેલ્થ પરમિટ' (Health Permit)ના ઓથા હેઠળ દારૂ પીનારાઓની ફોજ દિવસે-દિવસે ભયાનક રીતે વધી રહી છે. માત્ર અમદાવાદ સિવિલ હોસ્પિટલના આંકડા જ આ પોલ ખોલવા માટે પૂરતા છે, જ્યાં આ વર્ષે ૧૫ ઓક્ટોબર સુધીમાં જ હજારોની સંખ્યામાં પરમિટો અપાઈ ચૂકી છે! મેડિકલ ગ્રાઉન્ડ કે હેલ્થના નામે દારૂ પીવાની છૂટ મેળવતા શોખીનોનો આંકડો દર વર્ષે ગ્રાફ ફાડીને ઉપર જઈ રહ્યો છે. માત્ર અમદાવાદની સિવિલ હોસ્પિટલમાંથી જ આ વર્ષે ૧૫ ઓક્ટોબર સુધીમાં કુલ ૩,૦૫૪ હેલ્થ પરમિટ ઇશ્યુ કરવામાં આવી છે.

આ આંકડાનું ગણિત જોઈએ તો: ૨,૩૯૮ પરમિટ માત્ર રિન્યુઅલ (નવીકરણ) કરાવવામાં આવી છે. ૬૫૬ પરમિટ બિલકુલ નવી ઈશ્યુ કરવામાં આવી છે. માત્ર એક જ હોસ્પિટલની આ હાલત છે, જ્યારે છેલ્લા માત્ર ૩ વર્ષના સમયગાળામાં જ કુલ ૧૦,૯૪૩ જેટલી પરમિટો એક જ જગ્યાએથી અપાઈ ચૂકી છે. આ પરમિટો બતાવે છે કે કાગળ પરના નિયમો વચ્ચે શોખીનો માટે કાયદેસરનો રસ્તો કેટલો સરળ બની ગયો છે.

## દાંતાના બગીચા વિસ્તારમાં દારૂની હોમ ડિલિવરી! નંબર પ્લેટ વગરની બ્લ્યુ જુપીટર બની બુટલેગરની પાર્સલ સેવા

દાંતા

ગુજરાતમાં દારૂબંધી છે, પરંતુ બનાસકાંઠાના સરહદી ટાઉન દાંતામાં દારૂબંધીના કાયદાના ધજાગરા ઉડી રહ્યા છે. દાંતા એ ગુજરાતનું ગામ છે, રાજસ્થાનનું નહીં. છતાં અહીં ખુલ્લેઆમ દારૂનું વેચાણ થઈ રહ્યું હોવાના દ્રશ્યો સામે આવ્યા છે. અને આ વખતે સ્થળ છે દાંતાના હાર્દ સમા ગણાતા બગીચા વિસ્તાર. દાંતા પોલીસની નાક નીચે જ બુટલેગરો બેફામ બન્યા હોય તેવા દ્રશ્યો સામે આવી રહ્યા છે. બીડ જમાદાર કે પીઆઇ કેમ કાર્યવાહી કરતાં નથી બગીચા વિસ્તારમાં અંગ્રેજી દારૂનું ધૂમ વેચાણ થઈ રહ્યાની બુમરાડ ઉઠી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, બગીચા વિસ્તારમાં એક બ્લ્યુ કલરની નંબર પ્લેટ વગરની જુપીટર મોપેડ પર એક શખ્સ ડીકીમાં અંગ્રેજી દારૂની બોટલો ભરીને ખુલ્લેઆમ ફરી રહ્યો છે. આ બુટલેગર જાણે સ્વીગી-ઝોમેટોનો ડિલિવરી બોય હોય તેમ ઘરે-ઘરે દારૂની હોમ ડિલિવરી કરી રહ્યો છે.આટલું જ નહીં, આ વિસ્તારમાં અંગ્રેજી દારૂની ધૂમ વેચાણ ચાલી રહ્યું છે. વેપારીઓમાં ફફડાટ, પેટ્રોલિંગ ગાયબ,આ ખુલ્લેઆમ વેચાણના કારણે સ્થાનિક વેપારીઓમાં ભારે ડરનો માહોલ છે. વેપારીઓનું કહેવું છે કે દારૂ પીને આવતા અસામાજિક તત્વો દુકાનો પાસે અવારનવાર બબાલ કરે છે. જેના કારણે અમે સાંજે દુકાન ખુલ્લી રાખતા પણ ડરીએ છીએ. સ્થાનિકો જણાવી રહ્યા છે કે આ ધંધો આજકાલનો નથી, વર્ષોથી ખુલ્લેઆમ ચાલે છે. નવાઈની વાત એ છે કે આટલા ભરચક વિસ્તારમાં એક પણ પોલીસકર્મી, હોમગાર્ડ કે GRD જવાન નજરે પડતો નથી. પોલીસ પેટ્રોલિંગ પણ આ વિસ્તારમાં નહિવત છે, જેના કારણે બુટલેગરોને ફાવટ મળી ગઈ છે. હવે સૌથી મોટો સવાલ એ છે કે આ નંબર પ્લેટ વગરની બ્લ્યુ જુપીટરને કોના આશીર્વાદ છે?

## ગુજરાત પર તોળાઈ રહ્યું છે મોટું વીજ સંકટ

# કોલસાની અછત અને વધતી માંગને પહોંચી વળવા ભૂપેન્દ્ર પટેલની હાઈ-લેવલ બેઠકમાં સપાટો!

ગાંધીનગર

રાજ્યમાં વધી રહેલી ઉર્જાની જરૂરિયાતો અને સંભવિત વીજ સંકટના વાદળો વચ્ચે ગાંધીનગરથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. ગુજરાતમાં ઉદ્યોગો અને સામાન્ય જનતાને વીજળીની કોઈ જ અછત ન સર્જાય તે માટે ખુદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મેદાને આવ્યા છે. મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં ઊર્જા વિભાગની અત્યંત મહત્વપૂર્ણ અને હાઈ-લેવલ સમીક્ષા બેઠક યોજાઈ હતી, જેમાં રાજ્યના પાવર સેક્ટરને લઈને કેટલાક કડક અને દૂરગામી નિર્ણયો લેવામાં આવ્યા છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મુખ્યમંત્રી નિવાસસ્થાને મળેલી આ બેઠક અંદાજે દોઢ કલાક સુધી ચાલી હતી. આ બેઠકમાં રાજ્યના ઉર્જા વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકનો મુખ્ય એજન્ડા રાજ્યમાં વીજ પુરવઠો અખંડિત



જળવાઈ રહે અને પાવર પ્લાન્ટ્સને સમયસર પૂરતો કોલસો મળી રહે તે સુનિશ્ચિત કરવાનો હતો.

તાજેતરમાં જ દિલ્હી ખાતે કેન્દ્ર સરકારના સંબંધિત મંત્રાલયો સાથે ગુજરાતના વીજ પ્રશ્નો અને કોલસાની ફાળવણી અંગે વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી, જેના તુરંત બાદ મુખ્યમંત્રીએ આ સમીક્ષા બેઠક બોલાવીને તાત્કાલિક ધોરણે એક્શન પ્લાન અમલમાં મૂકવા તાકીદ કરી છે.

ગુજરાત એક ઔદ્યોગિક પ્રધાન રાજ્ય હોવાને કારણે અહીં વીજળીની ખપત અતિશય વધુ રહે છે. ઉનાળા કે તહેવારોની મોસમ તેમજ અન્ય સમયમાં વીજ માંગ વધતી હોય છે, ત્યારે થર્મલ પાવર સ્ટેશનોમાં કોલસાની અછત ન સર્જાય તે માટે સરકારે અગાઉથી જ કમર કસી લીધી છે. રાજ્યના પાવર પ્લાન્ટ્સમાં કોલસાનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ રહે. જો વધારાની વીજળી ખરીદવાની જરૂર પડે તો તેનું આગોતરૂ આયોજન થાય. ગ્રીડ મેનેજમેન્ટ અને વિતરણ વ્યવસ્થામાં કોઈ ક્ષતિ ન રહે. તે તમામ મુદ્દાઓ પર આ બેઠકમાં ગહન મંથન કરવામાં આવ્યું હતું.

રાજ્યમાં વીજ સંકટના એંધાણ વર્તાતા જ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા લેવાયેલા આ આક્રમક પગલાંથી સ્પષ્ટ થઈ ગયું છે કે સરકાર જનતાને અંધારામાં રાખવારા કોઈપણ જોખમ સામે પહેલેથી જ સજ્જ છે.

## ધોરાજીમાં ડ્રગ્સ માફિયાઓ પર પોલીસનો સપાટો: 964 ગ્રામ ગાંજા સાથે ત્રણ શખ્સો પોલીસ સળિયા પાછળ!

ધોરાજી

રાજ્યમાં નશાના કારોબાર સામે પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહેલી ડ્રાઈવ વચ્ચે દેવભૂમિ અને સૌરાષ્ટ્રના પંથકમાંથી મોટા સમાચાર સામે આવ્યા છે.

ધોરાજી શહેર અને આસપાસના વિસ્તારમાં નશીલા પદાર્થોનું વેચાણ કરતા તત્વો સામે ધોરાજી પોલીસે સપાટો બોલાવ્યો છે. પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને અંદાજે ૯૬૪ ગ્રામ જેટલા ભારે જથ્થાના ગાંજા સાથે ત્રણ ઈસમોને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે.



આ ઘટનાથી અસામાજિક તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ધોરાજી પોલીસ સ્ટેશનની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી અને તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે કેટલાક શખ્સો ગેરકાયદેસર રીતે નશીલા પદાર્થ એટલે કે ગાંજાનો જથ્થો રાખીને વેચાણ કે હેરફેર કરવાની ફિરાકમાં છે.

બાતમીને ગંભીરતાથી લઈને પોલીસે બાતમીવાળા સ્થળે ફોર્સ સાથે અચાનક દરોડો પાડ્યો હતો. આ રેડ દરમિયાન પોલીસને તપાસમાં કુલ ૯૬૪ ગ્રામ જેટલો શંકાસ્પદ પ્રતિબંધિત ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે પદાર્થ કબજે કરી સ્થળ પર જ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસે આ કેસમાં સ્થળ પરથી જ નશો વેચવા કે રાખવા આવેલા મુખ્ય ઈસમોને રંગેહાથ દબોચી લીધા હતા.

## દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર લોહિયાળ અકસ્માત

# ભરૂચના મનુબર પાસે કાર-ટેમ્પો વચ્ચે ગમખ્વાર ટક્કર, વડોદરાના યુવાન PSI સહિત 3 નાં કાળજું કંપાવનારા મોત!

ભરૂચ/વડોદરા

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર ભરૂચ નજીક આવેલા મનુબર ગામ પાસે એક અત્યંત કરુણ અને લોહિયાળ અકસ્માત સર્જાયો છે. વડોદરાથી ભરૂચ તરફ પૂરપાટ ઝડપે આવી રહેલી કાર અને ટેમ્પો વચ્ચે કાળમુખી ટક્કર થતાં ત્રણ આશાસ્પદ યુવાનોનાં ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યાં છે. આ ગમખ્વાર અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો ભૂકો બોલી ગયો હતો (કચ્ચરઘાણ વળી ગયો હતો) અને અંદર સવાર યુવાનો લોહીલુહાણ હાલતમાં ફસાઈ ગયા હતા.



આ ભયાનક અકસ્માતમાં સૌથી દુઃખદ બાબત એ સામે આવી છે કે, મૃતકોમાં વડોદરાના માત્ર ૨૭ વર્ષીય આશાસ્પદ પીએસઆઈ (PSI) યશ પટેલ પણ સામેલ હતા. કાળના ક્રૂર પંજાએ એક જ ક્ષણમાં ત્રણ યુવાનોના હસતા-રમતા પરિવારની ખુશીઓ છીનવી લીધી છે. મૃતકોની વિગત: યશ પટેલ (ઉંમર ૨૭ વર્ષ) - પીએસઆઈ (વડોદરા), પાર્થ પટેલ (ઉંમર ૨૭ વર્ષ), અસફાક મોનીન (ઉંમર ૨૮ વર્ષ). કારમાં કુલ ૪ લોકો સવાર હતા, જેમાં ત્રણ યુવાનોએ ઘટનાસ્થળે જ પોતાના પ્રાણ ગુમાવ્યા હતા. એકસાથે ત્રણ-ત્રણ આશાસ્પદ યુવાનો અને તે પણ ખાખી વર્દીધારી પીએસઆઈના મોતના સમાચાર વાયુવેગે પ્રસરતાં વડોદરા અને ભરૂચ પંથકમાં ભારે શોકની કાળી ડિબંગ છાયા ફરી વળી છે.

મળતી પ્રાથમિક વિગતો મુજબ, યુવાનો કાર લઈને વડોદરાથી ભરૂચ તરફ જઈ રહ્યા હતા. એક્સપ્રેસ-વે પર મનુબર ગામ નજીકથી પસાર થતી વખતે અચાનક ટેમ્પો અને કાર વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. ધડાકો એટલો ભયાનક હતો કે આસપાસના લોકો દોડી આવ્યા હતા. કારનો આગળનો આખો ભાગ રમકડાની જેમ ચગદાઈ ગયો હતો. ઘટનાસ્થળે ચારેય તરફ લોહીના ખાબોચિયાં અને ચીસિયારોથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. ઘટનાની જાણ થતાં જ ભરૂચ પોલીસ અને હાઈવે પેટ્રોલીંગની ટીમ ત્વરિત ઘટનાસ્થળે દોડી આવી હતી.

## પાદરાના યુવક માટે નર્મદા કેનાલ બની કાળમુખી: ઠાસરાના સાંઢેલી પાસે ગમખ્વાર દુર્ઘટના

ઠાસરા/પાદરા

જેવી કાઈલી જેનરે આ બ્રા પહેરીને રેમ્પ વૉક કર્યું, કે તુરંત જ સોશિયલ મીડિયા પર લોકો અને ફેશન વિવેચકો વચ્ચે વિવાદ ભડકી ઉઠ્યો હતો. આ વિવાદ પાછળના મુખ્ય કારણો નીચે મુજબ છે:

૧. પ્રોફેસનલ મોડેલ્સનો અનાદર: વિક્ટોરિયાઝ સિક્રેટની 'ફેન્ટસી બ્રા' એ હંમેશા બ્રાન્ડની ટોચની સુપરમોડેલ્સ (જેમ કે એડ્રિયાના લિમા, ગિસેલ બુન્ડચેન, હેઈડી ક્લમ) માટે સર્વોચ્ચ સન્માન ગણાતી આવી છે. લોકોને વિરોધ એ વાતનો છે કે જે મોડેલ્સે વર્ષો સુધી રનવે પર સખત મહેનત કરી તેમને સાઈડલાઈન કરીને એક રિયાલિટી સ્ટાર અને ઈન્ફ્લુએન્સરને આ મોકો આપી દેવાયો.

**વિક્ટોરિયા સિક્રેટના સ્ટેજ પર રેકોર્ડબ્રેક ફેશન, પણ સોશિયલ મીડિયા પર ઈન્ટરનેટ ફાટી નીકળ્યું!**

## 'રામાયણ'ને લઈને યશે લોકો પાસે અપીલ કરી

### VFXની નાની ખામીઓ ન શોધો, ફિલ્મના વિઝ્યુઅલ્સ અને સીન પર સવાલો ઉઠ્યા હતા: અભિનેતા યશ

મુંબઈ

હૈદરાબાદમાં યશે ચાહકોને ફિલ્મ 'રામાયણ' ખુલ્લા મનથી જોવાની અપીલ કરી. તેમણે કહ્યું કે VFXની નાની-નાની ખામીઓ શોધવાનો પ્રયાસ ન કરો.

તેમણે આ વાત સોમવારે રાત્રે હૈદરાબાદમાં ફિલ્મના પ્રી-રિલીઝ ઈવેન્ટમાં કહી. 'રામાયણ: પાર્ટ વન' વિશ્વભરમાં 5 નવેમ્બર 2026ના રોજ રિલીઝ થશે. યશે કહ્યું- આવી કોશિશ ફરી નહીં થાય યશે કહ્યું, "જ્યારે કોઈ આ પ્રકારની ફિલ્મ બનાવવાનો પ્રયાસ કરે છે, ત્યારે તે પોતાની પ્રતિષ્ઠા અને પૈસા દાવ પર લગાવે છે. તે ફિલ્મને વૈશ્વિક પ્લેટફોર્મ પર લઈ જવા માંગે છે." તેમણે કહ્યું, "હું તમને એક વાત કહેવા માંગુ છું. કૃપા કરીને નાની-નાની ખામીઓ શોધશો નહીં. VFXમાં આ ખામી છે, તે બરાબર નથી. જો આપણે અત્યારે આવા લોકોને ગુમાવી દઈશું, તો આવું ફરી નહીં થાય." યશે કહ્યું કે આવી ફિલ્મ બનવામાં ઘણાં વર્ષો લાગશે અને આપણે ફરી પાછળ ધકેલાઈ જઈશું. તેમણે લોકોને ફિલ્મ ખુલ્લા મનથી જોવાની અપીલ કરી. તેમણે કહ્યું, "નમિત મલ્હોત્રાએ હંમેશાં દરેક પ્રતિસાદ અને ટીકા સ્વીકારી છે. તેમણે તેને વધુ સારું બનાવવાનો પ્રયાસ કર્યો છે." યશે પોતાના શુભેચ્છકો, ચાહકો અને સમગ્ર ફિલ્મ ઈન્ડસ્ટ્રીને સાથે આવવાની અપીલ કરી. તેમણે તેલુગુ, કન્નડ, મલયાલમ, તમિલ અને હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીને દુનિયાને એકતાનો સંદેશ આપવા કહ્યું. યશે જણાવ્યું કે તેઓ 'રામાયણ' સાથે એટલા માટે જોડાયા, કારણ કે કો-પ્રોડ્યુસર નમિત મલ્હોત્રાનું વિઝન તેમને પસંદ આવ્યું.



## ટાઈગર પર હુમલો થતાં વિદ્યુત જામવાલ ચિંતિત

### મનોબળ વધારતા કહ્યું- 'તમે સૌથી નિર્ભિક છો', મુંબઈ પોલીસને પણ સુરક્ષા પર ભાર આપવા ચેતવણી આપી

મુંબઈ

ટાઈગર શ્રોફ પર હુમલાની ઘટના બાદ એક્ટર વિદ્યુત જામવાલે તેનું મનોબળ વધાર્યું છે. વિદ્યુતે ઈન્સ્ટાગ્રામ પર વીડિયો શેર કરીને ટાઈગરને સૌથી નિડર વ્યક્તિ ગણાવ્યો. તેણે ટાઈગરના ચાહકોને પણ પ્રશ્ન કર્યો કે, જ્યારે તેઓ પોતાના પ્રિય સ્ટાર માટે આટલો પ્રેમ દર્શાવે છે, ત્યારે આ મુશ્કેલ સમયમાં તેના માટે કંઈક કરવું પણ જોઈએ. વિદ્યુતે મુંબઈ પોલીસને ટાઈગરની સુરક્ષા સુનિશ્ચિત કરવાની અપીલ કરી અને કહ્યું કે આવી ઘટના ફરીથી ન થવી જોઈએ. વિદ્યુત જામવાલે વીડિયોમાં ટાઇગર શ્રોફને સંબોધીને કહ્યું કે, તે તેને સૌથી નિડર વ્યક્તિ માને છે. વિદ્યુતના જણાવ્યા મુજબ, તેણે જેટલા પણ લોકોને ઓળખ્યા છે, તેમાં ટાઇગર અત્યંત નિડર છે. તેણે ટાઇગર પ્રત્યે પોતાનું સમર્થન વ્યક્ત કરતાં કહ્યું કે, તે તેને પ્રેમ કરે છે અને તેનો સૌથી મોટા પ્રશંસક છે. વિદ્યુતે ટાઇગરના તે ચાહકોનો પણ ઉલ્લેખ કર્યો, જેઓ ટાઇગરને ફૂટબોલ રમતો જોવા જાય છે અને મેદાન પર તેનો ઉત્સાહ વધારે છે. તેણે કહ્યું કે, ઘણા લોકો પોતાને ટાઇગરના સૌથી મોટા ચાહક ગણાવે છે. આવી સ્થિતિમાં તેમણે પણ આ ઘટનાને ગંભીરતાથી લેવી જોઈએ.

વિદ્યુતે કહ્યું કે, આવી ઘટનામાં કોઈએ દોડીને હુમલાખોરોને પકડી લેવા જોઈએ હતા. તેના આ નિવેદનનો હેતુ ઘટના પ્રત્યે નારાજગી વ્યક્ત કરવાનો અને ટાઇગરના સમર્થનમાં અવાજ ઉઠાવવાનો હતો. વીડિયોમાં વિદ્યુતે મુંબઈ પોલીસને પણ સંબોધિત કરી. તેણે કહ્યું કે, પોલીસ ટાઈગરને સુરક્ષા પૂરી પાડશે, પરંતુ એ સુનિશ્ચિત કરવું જરૂરી છે કે આવી ઘટના ફરીથી ન બને. વિદ્યુતે ચેતવણીભર્યા સ્વરમાં કહ્યું કે, જો આવી ભૂલ ફરી થાય છે, તો તેના માટે પોલીસ જવાબદાર રહેશે. તેના નિવેદનથી સ્પષ્ટ છે કે તે ટાઈગરની સુરક્ષાને લઈને ગંભીર છે અને ઈચ્છે છે કે તેની સુરક્ષા માટે જરૂરી પગલાં લેવામાં આવે.





## મહાનવમીએ દુર્ગા પૂજા પંડાલમાં સ્ટાર્સનો જમાવડો

### આલિયા ભટ્ટ-ઈમ્તિયાઝ અલીએ માના આશીર્વાદ લીધાં, કાજોલે દીકરી ન્યાસા સાથે ટ્વિનિંગ કર્યું

મુંબઈ

મુંબઈના જુહુ સ્થિત નૉર્થ બોમ્બે સાર્વજનિક દુર્ગા પૂજા પંડાલમાં મહાનવમીના અવસરે બોલિવૂડના સિતારાઓનો જમાવડો જોવા મળ્યો. આ દરમિયાન આલિયા ભટ્ટ, નીતુ ચંદ્રા, રૂપાલી ગાંગુલી, ડિરેક્ટર ઈમ્તિયાઝ અલી અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર ઓરી સહિત અનેક હસ્તીઓ મા દુર્ગાના દર્શન કરવા પહોંચી હતી.

કાજોલ દીકરી ન્યાસા દેવગન સાથે પંડાલમાં જોવા મળી હતી. નૉર્થ બૉમ્બે સાર્વજનિક દુર્ગા પૂજા મુંબઈના સૌથી ચર્ચિત દુર્ગા પૂજા આયોજનોમાંની એક છે. તેનું આયોજન મુખર્જી પરિવાર કરે છે. એક્ટ્રેસ કાજોલ દર વર્ષે આ



પૂજામાં સામેલ થાય છે. તેની સાથે તેનાં માતા અને દિગ્ગજ એક્ટ્રેસ તનુજા, બહેન તનીષા મુખર્જી તેમજ પરિવારના અન્ય સભ્યો પણ ઉત્સવમાં ભાગ લે છે. કાજોલનાં બાળકો ન્યાસા અને યુગ દેવગન પણ આ પૂજા સાથે જોડાયેલા રહ્યા છે.

આ વર્ષે 80મું વર્ષ, ગુરુવાયુર મંદિરથી પ્રેરિત થીમ

વર્ષ 2026માં નૉર્થ બૉમ્બે સાર્વજનિક દુર્ગા પૂજા તેના 80મા વર્ષમાં પ્રવેશ કરી રહી છે. આ પ્રસંગે પંડાલની થીમ કેરળના પ્રસિદ્ધ ગુરુવાયુર મંદિરથી પ્રેરિત હોવાનું જણાવાયું છે.

દર વર્ષની જેમ આ વખતે પણ પૂજામાં પરંપરાગત રીત-રિવાજો, ભવ્ય સજાવટ અને સિતારાઓની હાજરીએ લોકોનું ધ્યાન ખેંચ્યું છે.

## દશેરા પર દીપિકાની દીકરીનું નામકરણ: દુઆની બહેન દેવીની પહેલી તસવીર શેર કરી

મુંબઈ

બોલિવૂડ કપલ દીપિકા પાદુકોણ અને રણવીર સિંહે દશેરાના અવસરે તેની બીજી દીકરીના નામની જાહેરાત કરી છે. બંનેએ સોશિયલ મીડિયા પર એક સંયુક્ત પોસ્ટ શેર કરીને જણાવ્યું કે તેણે પોતાની પુત્રીનું નામ 'દેવી પાદુકોણ સિંહ' રાખ્યું છે. પોસ્ટ સાથે કપલે પોતાના પરિવારની એક તસવીર પણ શેર કરી છે, જેમાં રણવીર, દીપિકા અને તેની બંને દીકરીઓ જોવા મળી રહી છે. ફોટો શેર કરતી વખતે કપલે લખ્યું, "પ્રેમ અને ખુશીઓથી ભરેલી... દેવી પાદુકોણ સિંહ." દીપિકા અને રણવીરની બીજી પુત્રીનો જન્મ આ જ વર્ષે 19 સપ્ટેમ્બરે થયો હતો. કપલે ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં નવજાત બાળકીના પગનાં પગલાની તસવીર શેર કરી હતી. બોલિવૂડ એક્ટ્રેસ બિપાશા ને કરન સિંહ ગ્રોવરની દીકરીનું નામ પણ દેવી છે. તેનો જન્મ 2022માં 12 નવેમ્બરે થયો હતો.

કપલે 19 એપ્રિલે બીજી પ્રેગ્નન્સીની જાહેરાત કરી હતી. દીપિકા અને રણવીરના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર તેમની દીકરી દુઆની એક તસવીર શેર કરવામાં આવી હતી, જેમાં પુત્રી પ્રેગ્નન્સી ટેસ્ટ કિટ પકડીને ઊભી છે અને તેમાં પોઝિટિવ પરિણામ દેખાઈ રહ્યું છે. તસવીરમાં રણવીરે પુત્રીને ખોળામાં લીધી છે. જોકે, તેનો ચહેરો દેખાતો ન હતો. બીજી તરફ, તસવીરમાં દુઆનો અડધો ચહેરો દેખાઈ રહ્યો હતો. દીપિકા અને રણવીરે 8 સપ્ટેમ્બર 2024ના રોજ તેમની પુત્રી દુઆના જન્મની જાણકારી આપી હતી.



### યૂપી વૉરિયર્સ પાસે સૌથી વધુ પૈસા; ડંકલી-મોલિન્યૂની બેઝ પ્રાઈસ ₹50 લાખ

# વુમન્સ પ્રીમિયર લીગ ઑક્શનમાં 146 ખેલાડીઓ, જગ્યા માત્ર 27

મુંબઈ

વુમન્સ પ્રીમિયર લીગ (WPL) 2027 સીઝનનું ઓક્શન 28 ઑક્ટોબરે કોચ્ચીમાં યોજાશે. તેમાં 146 ખેલાડીઓ ભાગ લેશે, જેમાં 5 ટીમને મળીને 27 ખેલાડીઓની જગ્યાઓ ખાલી છે. ઈંગ્લેન્ડની બેટર સોફિયા ડંકલીએ અને ઑસ્ટ્રેલિયાની કેપ્ટન સોફી મોલિન્યૂએ બેઝ પ્રાઈસ 50 લાખ રૂપિયા રાખી છે. બેઝ પ્રાઈસ એ શરૂઆતની કિંમત હોય છે, જ્યાંથી કોઈ ખેલાડી માટે બોલી શરૂ થઈ શકે છે. તેનો અર્થ એ નથી કે ખેલાડીને 50 લાખ રૂપિયા મળવાનું નક્કી છે. જો કોઈ ટીમ બોલી ન લગાવે, તો ખેલાડી અનસોલ્ડ પણ રહી શકે છે. ઓક્શનમાં ભારતીય



ખેલાડીઓની સંખ્યા સૌથી વધુ છે. તેમાં 119 ભારતીય અને 27 વિદેશી ખેલાડીઓ છે. જોકે ટીમે ભારતીય ખેલાડીઓ માટે 20 અને વિદેશી ખેલાડીઓ માટે માત્ર 7 જગ્યાઓ ભરવાની છે. ઓક્શનમાં ટીમ એવા ખેલાડીઓ માટે બોલી લગાવે છે, જેમને તેઓ પોતાની ટીમમાં સામેલ કરવા માગે છે. દરેક ખેલાડી પોતાની એક શરૂઆતની કિંમત નક્કી કરે છે, જેને બેઝ પ્રાઈસ કહેવામાં આવે છે. ત્યારબાદ ટીમ બોલી વધારે છે અને સૌથી ઊંચી બોલી લગાવતી ટીમ ખેલાડીને ખરીદી લે છે. પરંતુ દરેક ટીમ પાસે ખર્ચ કરવા માટે મર્યાદિત પૈસા હોય છે. તેને પર્સ કહેવામાં આવે છે. ટીમે જેટલા પૈસા પહેલાં ખર્ચી નાખ્યા હોય, ત્યારબાદ એટલા જ પૈસા બાકી રહે છે, જેનો તે ઓક્શનમાં ઉપયોગ કરી શકે છે. બીજી મર્યાદા ખેલાડીઓની સંખ્યા છે. કોઈ ટીમ પાસે જેટલી ખાલી જગ્યા હોય, તે તે મુજબ જ ખેલાડીઓને ખરીદી શકે છે. સૌથી ઊંચી બેઝ પ્રાઈસ ધરાવતી ખેલાડીઓ ડંકલી અને મોલિન્યૂક્સ છે. મોલિન્યૂક્સ અગાઉ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ માટે રમી ચૂકી છે. 2024માં ટીમના ખિતાબી અભિયાન દરમિયાન તેણે 10 મેચમાં 12 વિકેટ ઝડપી હતી.

## શેફાલી વર્મા પર ICCની કાર્યવાહી

નવી દિલ્હી

ભારતીય ઓલરાઉન્ડર શેફાલી વર્મા સામે ICCએ આચારસંહિતા તોડવા બદલ કાર્યવાહી કરી છે. તેને ઠપકો આપ્યો છે અને એક ડીમેરિટ પોઈન્ટ મળ્યો છે. આ મામલો 18 ઑક્ટોબરે રાયપુરમાં ભારત-ઝિમ્બાબ્વે વચ્ચે રમાયેલી બીજી T20 મેચનો છે. કેચ છૂટી ગયા બાદ શેફાલીએ ગુસ્સામાં બોલ જમીન પર ફેંક્યો હતો. આ મેચમાં શેફાલી ભારત તરફથી સૌથી વધુ રન બનાવનાર ખેલાડી હતી. તેને પ્લેયર ઑફ ધ મેચ પણ પસંદ કરી હતી. ICC મુજબ, શેફાલીએ ખેલાડીઓ અને પ્લેયર સપોર્ટ પર્સનલ માટેની આચારસંહિતાની કલમ 2.2નું ઉલ્લંઘન કર્યું હતું. આ નિયમ આંતરરાષ્ટ્રીય મેચ દરમિયાન ક્રિકેટના સાધનો, કપડાં, મેદાનનાં સાધનો અથવા ફિક્સ્ચરનો અયોગ્ય ઉપયોગ કરવા સાથે સંબંધિત છે. બીજી T20ની પ્રથમ ઈનિંગ્સની 12મી ઓવરમાં શ્રી ચરણીના બોલ પર મિડ-ઑફ પર ચિપો મુગેરી-તિરિપાનોનો કેચ છૂટી ગયા બાદ શેફાલીએ બોલ જમીન પર ફેંકી દીધો હતો. શેફાલીએ પોતાની ભૂલ સ્વીકારી લીધી. તેણે ICC ઈન્ટરનેશનલ પેનલ ઑફ મેચ રેફરીઝની જી. એસ. લક્ષ્મી દ્વારા પ્રસ્તાવિત સજા પણ સ્વીકારી લીધી. ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે ત્રીજી T20 આજે રમાશે. આ મુકાબલો રાયપુરના શહીદ વીર નારાયણ સિંહ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાશે. આ મેચમાં શેફાલી પાસે ઈતિહાસ રચવાની તક છે. જો તે 78 કે તેથી વધુ રન બનાવે છે.

### પોર્ટુગીઝ ફૂટબોલ ફેડરેશને ટ્રેનિંગ કેમ્પ છોડવા બદલ

## ક્રિસ્ટિયાનો રોનાલ્ડો પર 30 દિવસનો પ્રતિબંધ, €255નો દંડ ફટકાર્યો

લિસ્બન

પોર્ટુગીઝ ફૂટબોલ ફેડરેશને ક્રિસ્ટિયાનો રોનાલ્ડો પર 30 દિવસનો પ્રતિબંધ મૂક્યો છે. તેના પર આશરે 27,154 રૂપિયા (255)નો દંડ પણ ફટકાર્યો છે. ફેડરેશને પોર્ટુગલના ટ્રેનિંગ કેમ્પમાંથી જતા રહેવાના મામલે આ કાર્યવાહી કરી છે. રોનાલ્ડોએ તાજેતરના ઈન્ટરનેશનલ બ્રેક દરમિયાન કેમ્પ છોડ્યો હતો. આ નિર્ણય 30 સપ્ટેમ્બરથી લાગુ માનવામાં આવ્યો છે. તેથી રોનાલ્ડો 14 નવેમ્બરે પોર્ટુગલની આગામી આંતરરાષ્ટ્રીય મેચથી પરત ફરી શકશે. 41 વર્ષીય ફૉરવર્ડ વિરુદ્ધ ફેડરેશને ઔપચારિક કાર્યવાહી



શરૂ કરી હતી. તે ટીમનો કેપ્ટન પણ છે. સપ્ટેમ્બરના અંતમાં નોર્વે સામે પોર્ટુગલની 2-1થી જીત દરમિયાન રોનાલ્ડો બેન્ચ પર બેઠા રહ્યો હતો. ત્યારબાદ તેની કોચ જોર્જી જીસસ સાથે બોલાચાલી થઈ હતી. રોનાલ્ડોનો દાવો હતો કે જીસસે તેને શરૂઆતમાં લગભગ 30 મિનિટ રમાડવાનું વચન આપ્યું હતું. મેચ દરમિયાન જીસસે તેને વોર્મ-અપ કરવા કહ્યું, પરંતુ મેદાન પર ઉતાર્યો નહીં. રોનાલ્ડો આ નિર્ણયથી નારાજ હતો. તેને લાગ્યું કે કોચે તેની વાતને ગંભીરતાથી લીધી નથી.

## પેરા એશિયન ગેમ્સઃ ડિસ્કસ થ્રોમાં ભારતે ક્લીન સ્વીપ કર્યું

### બીજા દિવસે રેકોર્ડ 24 મેડલ જીત્યા, ઈન્ડિયાના અત્યાર સુધીમાં 35 મેડલ

મુંબઈ

ભારતે મંગળવારે પેરા એશિયન ગેમ્સમાં ડિસ્કસ થ્રોની એક ઈવેન્ટમાં ત્રણેય મેડલ જીતીને ક્લીન સ્વીપ કર્યું. તો, નિષાદ કુમારે પુરુષોની હાઈ જમ્પ T47 સ્પર્ધામાં 2.04 મીટરની છલાંગ લગાવીને ગેમ્સ રેકોર્ડ સાથે ગોલ્ડ મેડલ જીત્યો. ભારતના હવે કુલ 35 મેડલ થઈ ગયા છે, જેમાં 9 ગોલ્ડ સામેલ છે.

નિષાદ કુમારે બીજો ગોલ્ડ જીત્યો. નિષાદ કુમારે પેરા એશિયન ગેમ્સમાં મેન્સ હાઈ જમ્પ T47 સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીત્યો. તેમણે 2.02 મીટરની છલાંગ લગાવીને નવો ગેમ્સ રેકોર્ડ બનાવ્યો. તેમણે પહેલા દિવસે લોંગ જમ્પમાં પણ ગોલ્ડ જીત્યો હતો. પ્રણવ સૂરમાએ એશિયન પેરા ગેમ્સમાં મેન્સ ડિસ્કસ થ્રો F51/52/53 ફાઈનલમાં ગોલ્ડ મેડલ જીત્યો. તેમણે 932 રજા પોઈન્ટ્સ સાથે પ્રથમ સ્થાન મેળવ્યું, જ્યારે ભારતના જ રામ રતન સિંહ 809 પોઈન્ટ્સ સાથે બીજા સ્થાને રહ્યા. આ રીતે ભારતે સ્પર્ધામાં ગોલ્ડ અને સિલ્વર બંને મેડલ પોતાના નામે કર્યા. પ્રણવે 6 પ્રયાસોમાં 11.66 મીટરનો સર્વશ્રેષ્ઠ થ્રો કર્યો. ભારતની સિમરન શર્માએ 200 મીટર T12 ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો. તેમણે 24.80 સેકન્ડનો સમય નોંધાવીને




એશિયન પેરા ગેમ્સનો રેકોર્ડ બનાવ્યો. ભારતની તેજલબેન ડામોરે 25.23 સેકન્ડના સમય સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો, જ્યારે ઈરાનની હજર સફરઝાદેહ 25.02 સેકન્ડના સમય સાથે બીજા સ્થાને રહી. દીપ્તિએ સતત બીજી વખત આ ઈવેન્ટમાં ગોલ્ડ જીત્યું છે. તેમણે 2022માં 56.59 સેકન્ડનો સમય લીધો હતો. આ વખતે તેમણે પોતાના સમયમાં 0.23 સેકન્ડનો સુધારો કર્યો. જાપાનની નીના કાનોએ સિલ્વર અને અકારી કાટોએ બ્રોન્ઝ મેડલ જીત્યો.

23 વર્ષની દીપ્તિ તેલંગાણાની રહેવાસી છે. તેઓ 2 વખત પેરા વર્લ્ડ ચેમ્પિયનશિપમાં મેડલ જીતી ચૂક્યાં છે. તેમણે 2024માં ગોલ્ડ મેડલ જીત્યો હતો. તેઓ આ જ સ્પર્ધામાં પેરાલિમ્પિક બ્રોન્ઝ મેડલ પણ જીતી ચૂક્યાં છે. T20 કેટેગરીના ખેલાડીઓને માહિતી સમજવામાં, ધ્યાન કેન્દ્રિત કરવામાં અને રેસની યોજના બનાવવામાં પડકારોનો સામનો કરવો પડે છે. ભારતીય શૂટર મનીષ નરવાલે પુરુષોની 10 મીટર એર પિસ્તોલ SH1 કેટેગરીમાં સિલ્વર મેડલ જીત્યો. તેમણે 8 ખેલાડીઓની ફાઈનલમાં 233.7 પોઈન્ટ મેળવ્યા.



### ખાંડનો લઘુત્તમ વેચાણ ભાવ સાત વર્ષથી પ્રતિ કિલો રૂ. 31 પર અટકી ગયો છે

## ખાંડની MSP વધારીને રૂ. 50 કરવાની માંગણી તીવ્ર બની

મુંબઈ

મહારાષ્ટ્રમાં ખાંડ મિલના કામદારોએ ખેડૂતોની માંગણીઓના સમર્થનમાં ૨૨ તારીખથી અનિશ્ચિત હડતાળની ધમકી આપી છે. ખેડૂતો અને કામદારો બંનેની પ્રાથમિક માંગ ખાંડના લઘુત્તમ વેચાણ ભાવ (MSP)માં વધારો કરવાની છે. ખેડૂતો કહે છે કે ખાંડ મિલોની નબળી આર્થિક સ્થિતિને કારણે, તેઓ શેરડી માટે સમયસર ચુકવણી મેળવી શકતા નથી. તેઓ માને છે કે ખાંડના લઘુત્તમ વેચાણ ભાવ રૂ. ૫૦ પ્રતિ કિલો વધારવાથી ખાંડ ઉદ્યોગ અને શેરડીના ખેડૂતોને રાહત મળશે. વધુમાં, તેની ગ્રાહકો પર ખાસ અસર થશે નહીં.

ખેડૂતો ખાંડના લઘુત્તમ વેચાણ ભાવને વર્તમાન રૂ. ૩૧ રૂપિયા પ્રતિ કિલોથી વધારીને રૂ. ૫૦ રૂપિયા પ્રતિ કિલો કરવાની માંગ કરી રહ્યા છે. તેઓ ઈથેનોલના ખરીદ ભાવને રૂ. ૫૮ રૂપિયાથી વધારીને રૂ. ૭૦ રૂપિયા પ્રતિ લિટર કરવાની પણ માંગ કરી રહ્યા છે.




છેલ્લા સાત વર્ષમાં શેરડીના વાજબી અને લાભદાયી ભાવ (FRP)માં ૨૬ ટકાથી વધુનો વધારો થયો છે, પરંતુ ખાંડના લઘુત્તમ વેચાણ ભાવમાં માત્ર એક જ વાર સુધારો કરવામાં આવ્યો છે. ફેબ્રુઆરી ૨૦૧૯ પછી ખાંડનો ખાંડના લઘુત્તમ વેચાણ ભાવ વધ્યો નથી અને તે ૩૧ રૂપિયા પ્રતિ કિલો પર સ્થિર રહ્યો છે.

ખાંડ ઉદ્યોગનો સૌથી મોટો ખર્ચ શેરડીની ખરીદી પર થાય છે. ૨૦૨૦-૨૧માં શેરડીનો વાજબી અને લાભદાયી ભાવ ૨,૮૫૦ રૂપિયા પ્રતિ ટન હતો, જે ૨૦૨૬-૨૭ની પિલાણ સીઝન માટે વધારીને ૩,૬૫૦ રૂપિયા પ્રતિ ટન કરવામાં આવ્યો છે. તેનાથી વિપરીત, ફેબ્રુઆરી ૨૦૧૯ થી ખાંડનો લઘુત્તમ વેચાણ ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂ. ૩,૧૦૦ પર સ્થિર રહ્યો છે.

ઉત્પાદન ખર્ચ અને અન્ય ખર્ચમાં સતત વધારાને ધ્યાનમાં રાખીને, ખાંડ ઉદ્યોગ લાંબા સમયથી લઘુત્તમ વેચાણ ભાવમાં વધારો કરવાની માંગ કરી રહ્યો છે.ખાંડ ઉદ્યોગના કામદારો ૨૨મી તારીખથી અનિશ્ચિત હડતાળ પર જવાની તૈયારી કરી રહ્યા છે

મહારાષ્ટ્રમાં ખાંડ ઉદ્યોગના કર્મચારીઓએ ૨૨મી તારીખથી અનિશ્ચિત હડતાળ પર જવાની ધમકી આપી છે, જેમાં ખાંડનો લઘુત્તમ વેચાણ ભાવ પ્રતિ કિલો રૂ. ૫૦ કરવાનો સમાવેશ થાય છે. તેમનું કહેવું છે કે લઘુત્તમ વેચાણ ભાવ વધારવાથી રાજ્યની ખાંડ મિલોની નાણાકીય સ્થિતિમાં સુધારો થશે.

### . ઊંચા ફુગાવાને કારણે અમેરિકાના ખરીદદારો સાવચેત

## નાતાલ તથા નવા વર્ષ માટે અમેરિકા ખાતેથી ગારમેન્ટસના ઓર્ડરમાં ઘટાડો

### યુકે અને યુરોપમાંથી નાતાલ તથા નવા વર્ષની સારી માંગને કારણે ગારમેન્ટ ઉધોગને રાહત મળી છે

મુંબઈ



આગામી નાતાલ તથા નવા વર્ષ માટે અમેરિકા ખાતેથી રેડી મેડ ગારમેન્ટસના ભારતીય નિકાસકારોને ઓર્ડરમાં ઘટાડો થયો છે પરંતુ યુનાઈટેડ કિંગ્ડમ (યુકે) તથા યુરોપ ખાતેથી માગ સારી રહેતા દેશના ગારમેન્ટ ઉદ્યોગ માટે સ્થિતિ રાહતરૂપ બની છે. ભૌગોલિકરાજકીય અનિશ્ચિતતા વચ્ચે અમેરિકામાં ઊંચા ફુગાવાને કારણે ખરીદદારો સાવચેતીનો સૂર ધરાવી રહ્યા છે. અમેરિકાની બજારમાં નબળાઈને કારણે ભારતના એપરલ નિકાસકારો માટે વર્તમાન નાણાં વર્ષના પ્રથમ છ મહિના ડોલરની દ્રષ્ટિએ નબળા રહ્યા છે એમ એપરલ એકસપોર્ટ પ્રમોશન કાઉન્સિલના સુત્રોએ જણાવ્યું હતું. સપ્ટેમ્બરમાં રેડીમેડ ગારમેન્ટની નિકાસ ૧.૧૦ અબજ ડોલર રહી હતી જે વાર્ષિક ધોરણે ૧૩.૭૦ ટકા વૃદ્ધિ દર્શાવે છે, પરંતુ એપ્રિલથી સપ્ટેમ્બરના ગાળાની એકંદર નિકાસ ૯.૨૦ ટકા ઘટી ૭.૨૦ અબજ ડોલર રહી હોવાનું પણ સુત્રોએ ઉમેર્યું હતું. ગયા વર્ષના સમાન ગાળામાં આ આંક ૭.૭૦ અબજ ડોલર રહ્યો હતો. રૂપિયાની દ્રષ્ટિએ સપ્ટેમ્બરમાં નિકાસ વાર્ષિક ધોરણે ૨૨.૯૦ ટકા વધી રૂપિયા ૧૦૮૨૪.૬૦ કરોડ રહી હતી. વર્તમાન નાણાં વર્ષના પ્રથમ છ મહિનામાં રૂપિયાની દ્રષ્ટિએ ગારમેન્ટ નિકાસ ૩.૪૦ ટકા વધી રૂપિયા ૬૯૩૦૦ કરોડ રહી છે. આગામી નાતાલ તથા નવા વર્ષ માટે અમેરિકા ખાતેથી ગારમેન્ટ માટેના ઓર્ડરમાં ૨૫-૩૦ ટકા ઘટાડો જોવા મળ્યો હોવાનું તિરુપુરના નિકાસકારો દાવો કરી રહ્યા છે. જો કે યુરોપ તથા યુકે ખાતેથી ઓર્ડર સંતોષકારક રહ્યા છે અને ભૌગોલિકરાજકીય તાણને પરિણામે જહાજોની હેરફેર પર પડેલી અસરને ધ્યાનમાં રાખી નિકાસકારોએ સામાન્ય કરતા વહેલો માલ રવાના કર્યો છે.

### ફન્ડોની યાદીમાં અગાઉ અગ્રેસર રહેતી આઈટી કંપનીઓ હવે પાછલા ક્રમે

## સપ્ટેમ્બર ત્રિમાસિકમાં IT કંપનીઓમાં મ્યુ. ફંડોનું હોલ્ડિંગ્સ તળિયે ઉતર્યું

મુંબઈ

આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ) સંબંધિત ચિંતા, વૈશ્વિક ગ્રાહકો દ્વારા નબળા ખર્ચ તથા વિકાસ પર પ્રતિકૂળ અસરને પરિણામે વર્તમાન નાણાં વર્ષના સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં આઈટી કંપનીઓમાં મ્યુચ્યુઅલ ફન્ડસનો હોલ્ડિંગ્સ ઓલ ટાઈમ નીચી સપાટીએ પહોંચ્યું છે. આઈટી ક્ષેત્ર પર દબાણને પરિણામે ઈન્ફોસિસ તથા ટીસીએસ જેવી ટોચની આઈટી કંપનીઓ જે એક સમયે ફન્ડોની યાદીમાં અગ્રેસર રહેતી હતી તે હવે યાદીમાંથી નીકળી ગઈ છે. ૨૦૨૫ના અંતે ફન્ડોની ઈક્વિટી એસેટ અન્ડર મેનેજમેન્ટ (એયુએમ)માં આઈટી સ્કોટકસનો હિસ્સો જે ૭.૬૦ ટકા હતો તે સપ્ટેમ્બર ત્રિમાસિકના



અંતે ઘટી ૫.૩૦ ટકા પર આવી ગયો છે. આઈટી સ્ટોકસમાં વર્તમાન કરેકશન માટે ડી-રેટિંગ કારણભૂત છે નહીં કે તેમની આવકમાં ઘટાડો એમ એક રિસર્ચ પેઢીના રિપોર્ટમાં જણાવાયું હતું. ડીસેમ્બર, ૨૦૨૫ના અંતે ફન્ડો પાસેના આઈટી સ્ટોકસનું એકંદર મૂલ્ય જે રૂપિયા ૩.૯૮ લાખ કરોડ રહ્યુ હતું તે સપ્ટેમ્બર ત્રિમાસિકમાં ઘટી રૂપિયા ૨.૯૭ લાખ કરોડ રહ્યુ હતું. નવેમ્બર, ૨૦૨૫માં આ મૂલ્ય રૂપિયા ૪.૦૩ લાખ કરોડ વિક્રમી રહ્યું હતું. ૨૦૨૬ના પ્રારંભમાં મ્યુચ્યુઅલ ફન્ડસના ટોચના પાંચ હોલ્ડિંગ્સમાં ઈન્ફોસિસનો સમાવેશ થતો હતો તે સપ્ટેમ્બરમાં ઘટી ૧૦માં સ્થાને પહોંચી ગઈ છે. આવીજ સ્થિતિ ટીસીએસ તથા અન્ય આઈટી કંપનીઓના સ્ટોકસમાં જોવા મળી છે. એઆઈને કારણે આઈટી ક્ષેત્ર પર પ્રતિકૂળ અસર પડશે તેવી ગણતરીએ ફન્ડ મેનેજરો આઈટી ક્ષેત્રમાંથી પીછેહઠ કરી રહી હોવાનું પણ રિપોર્ટમાં જણાવાયું હતું.

## ખાદ્યતેલની આયાતમાં 3.7%, કિંમતમાં 11%નો વધારો

- **નબળા રૂપિયાને કારણે ખાદ્ય તેલના ભાવમાં વધારો : આયાતમાં પામ તેલનો હિસ્સો સૌથી મોટો**

મુંબઈ

તહેવારોની મોસમની માંગને પહોંચી વળવા ખાદ્યતેલના વેપારીઓએ નોંધપાત્ર પ્રમાણમાં ખાદ્યતેલની આયાત કરી હતી. નવેમ્બર-સપ્ટેમ્બર ૨૦૨૫-૨૬ દરમિયાન ભારતની ખાદ્યતેલની આયાત ૩.૨૭% વધીને ૧૫.૧૬૪ મિલિયન ટન થઈ હતી, જે એક વર્ષ અગાઉ ૧૪.૬૮૩ મિલિયન ટન હતી. આ આયાતમાં પામ તેલનો હિસ્સો સૌથી મોટો હતો. સપ્ટેમ્બરમાં, મુખ્ય ખાદ્યતેલોના ભાવમાં પાછલા વર્ષની સરખામણીમાં ૯.૭ થી૧૧.૨%નો વધારો થયો છે. ડોલર સામે રૂપિયામાં નબળો પડવો આનું મુખ્ય કારણ હતું. ક્રૂડ પામ તેલના વધુ આગમનને કારણે પામ તેલની આયાત ૫.૩૨% વધીને ૭.૩૫૨ મિલિયન ટન થઈ છે. સોયાબીન તેલની આયાત ૩.૨૫% વધીને ૫.૧૭૬ મિલિયન ટન, જ્યારે સૂર્યમુખી તેલની આયાત ૧.૯૦% ઘટીને ૨.૬૨૪ મિલિયન ટન થઈ હતી. રિફાઈન્ડ ખાદ્ય તેલની આયાત ઘટીને ૦.૭૪ મિલિયન ટન, જ્યારે ક્રૂડ તેલની આયાત વધીને ૧૪.૪૨૩ મિલિયન ટન થઈ હતી. રિફાઈન્ડ તેલ કરતાં ક્રૂડ તેલની આયાતમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. રિફાઈન્ડ ખાદ્ય તેલની આયાત ૧.૬૮૯ મિલિયન ટનથી ઘટીને ૦.૭૪ મિલિયન ટન થઈ, જેનાથી કુલ આયાતમાં તેનો હિસ્સો ૧૨% થી ઘટીને ૫% થઈ ગયો.

વહેલી સવારથી ફરસાણની દુકાનો પર ભીડ

# દશેરાની ઉજવણીમાં ફાફડા-જલેબીનો સ્વાદ : ગુજરાતીઓએ પરંપરા જાળવી!!

## અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં ફાફડા-જલેબીની ખરીદી માટે લાંબી કતારો; મોંઘવારી છતાં સ્વાદના શોખીન ગુજરાતીઓમાં ભારે ઉત્સાહ, સોસાયટીઓએ અગાઉથી નોંધાવ્યા મોટા ઓર્ડર



અમદાવાદ

ગુજરાતીઓના તહેવારોમાં ખાણીપીણીનો રંગ ન ભળે તો ઉજવણી અધૂરી લાગે! વિજયાદશમીના પર્વે આ વાત ફરી એકવાર સાબિત થઈ છે. દશેરાના દિવસે ફાફડા-જલેબી ખાવાની વર્ષો જૂની પરંપરા જાળવી રાખતાં અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ સહિતનાં શહેરોમાં વહેલી સવારથી જ ફરસાણની દુકાનો પર ગ્રાહકોની ભારે ભીડ જોવા મળી હતી. ગરમાગરમ ફાફડા, રસથી ભરપૂર જલેબી અને વિવિધ મીઠાઈઓની ખરીદી માટે લોકો લાંબી કતારોમાં ઊભા રહ્યા હતા. મોંઘવારીની અસર છતાં તહેવારના ઉત્સાહમાં કોઈ ઓટ જોવા મળી નહોતી.

દશેરાના દિવસે ફાફડા-જલેબીનો સ્વાદ માણવા માટે અનેક લોકો સૂર્યોદય પહેલાં જ ખરીદી કરવા નીકળી પડ્યા હતા. સુરતમાં કેટલીક દુકાનોની બહાર વહેલી સવારથી જ ગ્રાહકોની લાઈનો લાગી ગઈ હતી. અમદાવાદ, વડોદરા અને રાજકોટમાં પણ ફરસાણની દુકાનો પર ભારે ધસારો જોવા મળ્યો હતો. દુકાનોમાં કારીગરો ગરમાગરમ ફાફડા તળતા અને જલેબી બનાવતા જોવા મળ્યા હતા. તહેવારની સવારમાં ફાફડા-જલેબીની સુગંધે બજારોમાં ઉત્સવનો માહોલ સર્જ્યો હતો.

સુરતમાં દશેરાના દિવસે ફાફડા-જલેબીના વેચાણમાં મોટો વેપાર થતો હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે. ગ્રાહકોની ભીડને ધ્યાનમાં રાખીને અનેક લોકોએ અગાઉથી ઓર્ડર નોંધાવ્યા હતા. કેટલીક સોસાયટીઓ અને સમૂહોએ 150 કિલોથી વધુના એડવાન્સ ઓર્ડર આપ્યા હોવાનું જાણવા મળ્યું છે. આમ, દુકાનો પર સીધી ખરીદીની સાથે મોટા પ્રમાણમાં પાર્સલ અને જથ્થાબંધ ઓર્ડરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

સુરતના વેપારી અભિષેક પૂજારાના જણાવ્યા અનુસાર, દશેરાના દિવસે ગ્રાહકોની ભારે ભીડને પહોંચી વળવા માટે વહેલી સવારથી જ તૈયારીઓ કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે ગ્રાહકોને રાહ જોવી ન પડે તે માટે અગાઉથી પાર્સલ તૈયાર રાખવામાં આવ્યાં હતાં. ફાફડાના ભાવ રૂ. 600થી રૂ. 700 અને કેટલીક જગ્યાએ રૂ. 1,000 સુધી હોવા છતાં લોકો ખરીદી કરવા ઉત્સાહિત જોવા મળ્યા હતા.

દશેરાના પર્વે ફાફડા-જલેબી માત્ર ખાદ્યપદાર્થ નહીં, પરંતુ ગુજરાતની સાંસ્કૃતિક પરંપરાનો હિસ્સો બની ગયાં છે. પરિવાર સાથે બેસીને આ વાનગીઓનો સ્વાદ માણવાથી તહેવારની ખુશી બમણી થતી હોવાથી દર વર્ષે આ પરંપરા પ્રત્યેનો ઉત્સાહ અકબંધ રહે છે.

# રાત્રે 3 વાગ્યે ક્લબમાંથી ઘરે પહોંચતાં જ પરિવારના હોશ ઊડ્યા

## તિજોરી-કબાટ તૂટેલા, લાખોની રોકડ-સોનું ગાયબ!



અમદાવાદ

અમદાવાદના નારોલ વિસ્તારમાં નવરાત્રિના છેલ્લા નોરતે પરિવાર કાંકરિયા ગરબા રમવા ગયો ત્યારે બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. રણછોડપાર્કમાં લોખંડની જાળીનું તાળું તોડી ઘૂસેલા ચોરોએ બેડરૂમ અને મંદિરની તિજોરીમાંથી રૂ. 13.90 લાખના 35 તોલા સોનાના દાગીના અને રૂ. 5.20 લાખ રોકડા મળી કુલ રૂ. 19.10 લાખની મત્તા ચોરી ફરાર થયા હતા. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

નારોલ વિસ્તારમાં નવરાત્રિના છેલ્લા નોરતે પરિવાર ગરબા રમવા ગયો હોવાની તક ઝડપી તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. ઈસનપુર-વટવા રોડ પર આવેલા રણછોડપાર્કમાં તસ્કરો મુખ્ય દરવાજાની લોખંડની જાળીનું તાળું તોડીને ઘરમાં ઘૂસ્યા હતા. ત્યારબાદ બેડરૂમ અને મંદિરના રૂમમાં રાખેલી તિજોરીનાં લોકર તોડી રૂ. 13.90 લાખની કિંમતના આશરે 35 તોલા સોનાના દાગીના અને રૂ. 5.20 લાખ રોકડા મળી કુલ રૂ. 19.10 લાખની મત્તા ચોરી ફરાર થઈ ગયા હતા. રણછોડપાર્કમાં રહેતા અને સાણંદ GIDCની ખાનગી કંપનીમાં ઓપરેટર તરીકે કામ કરતા મયુરભાઈ મહેન્દ્રભાઈ પંચાલ 18 ઑક્ટોબરની રાત્રે પરિવાર સાથે કાંકરિયા તળાવ પાસે આવેલી ઈક્કા ક્લબમાં ગરબા રમવા ગયા હતા. પરિવાર ઘરેથી નીકળતી વખતે મકાનની લોખંડની જાળીને તાળું મારીને ગયો હતો.

પરિવાર રાત્રે આશરે 3 વાગ્યે ગરબા રમીને ઘરે પરત ફર્યો ત્યારે મુખ્ય દરવાજો ખુલ્લો જોવા મળ્યો હતો. ઘરમાં પ્રવેશીને તપાસ કરતાં બેડરૂમનો લાકડાનો કબાટ, લોખંડની તિજોરી અને મંદિરના રૂમની તિજોરી ખુલ્લી હતી.

શહેરમાં બેફામ વાહનોનો કેર!

# સૈજપુર બોઘા અને પીપળજમાં હિટ એન્ડ રનમાં 2ના મોત, 1 ગંભીર

અમદાવાદ

અમદાવાદમાં સૈજપુર બોઘા અને પીપળજ નજીક 2 જુદા-જુદા હિટ એન્ડ રનના બનાવ બન્યા હતા. જેમાં 2 વ્યક્તિના મોત થયા હતા, જ્યારે 1 યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. સૈજપુર બોઘામાં છોટાહાથીની ટક્કરથી 54 વર્ષીય આધેડનું સારવાર દરમિયાન મોત થયું હતું. જ્યારે પીપળજ નજીક ટાટા 407 ટેમ્પોએ બાઈકને ટક્કર મારતાં 33 વર્ષીય યુવકનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. પોલીસે અજાણ્યા વાહનચાલકો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

અમદાવાદમાં સૈજપુર બોઘા અને પીપળજ નજીક સર્જાયેલા બે અલગ-અલગ હિટ એન્ડ રનના બનાવમાં બે લોકોનાં મોત નીપજ્યાં છે, જ્યારે એક યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે. સૈજપુર બોઘામાં છોટાહાથીની ટક્કરથી ઈજાગ્રસ્ત થયેલા 54 વર્ષીય આધેડનું સારવાર દરમિયાન મોત થયું હતું. જ્યારે પીપળજ નજીક ટાટા 407 ટેમ્પોએ બાઈકને ટક્કર મારતાં 33 વર્ષીય યુવકનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. બંને બનાવમાં અકસ્માત સર્જીને ફરાર થયેલા અજાણ્યા વાહનચાલકો સામે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. સૈજપુર બોઘા વિસ્તારમાં રહેતા 54 વર્ષીય અરવિંદભાઈ પન્નાલાલ પરમાર 11 ઓક્ટોબરની સાંજે સૈજપુર ટાવરથી જી.ડી. ત્રણ રસ્તા તરફ જતા માર્ગ પર આવેલા ભગવતી દૂધઘર પાસેથી પગપાળા પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન છોટાહાથીના અજાણ્યા ચાલકે પૂરઝડપે વાહન ચલાવી તેમને પાછળથી ટક્કર મારી હતી. અકસ્માત સર્જ્યા બાદ ચાલક વાહન સાથે ફરાર થઈ ગયો હતો. બનાવની જાણ થતાં નજીકમાં રહેતા અરવિંદભાઈના નાના ભાઈ વિષ્ણુભાઈ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ત્યાં અરવિંદભાઈ માથા સહિત શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઈજાઓ સાથે બેભાન હાલતમાં પડેલા હતા. તેમને 108 એમ્બ્યુલન્સ મારફતે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન 14 ઓક્ટોબરે ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

પ્રજાના 60 કરોડ પાણીમાં: અમદાવાદ રિવરફ્રન્ટ પર ફ્લાવર પાર્ક સામેનું

# કરોડોનું મલ્ટિલેવલ પાર્કિંગ આખું વર્ષ ‘ધીરજભાઈ ’ બનીને પડ્યું રહ્યું!

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) અને તેના સંલગ્ન એકમો દ્વારા પ્રજાના પરસેવાની કમાણીના ટેક્સના કરોડો રૂપિયાનો કેવો ધુમાડો કરવામાં આવે છે, તેનો એક વધુ જીવતો જાગતો અને ચોંકાવનારો નમૂનો સામે આવ્યો છે. સાબરમતી રિવરફ્રન્ટ પર ફ્લાવર પાર્ક સામે કરોડોના ખર્ચે તૈયાર કરાયેલું અદ્યતન મલ્ટિલેવલ સ્માર્ટ પાર્કિંગ છેલ્લા એક વર્ષથી તદ્દન બિનઉપયોગી અને શોભાના ગાંઠિયા સમાન બનીને પડ્યું છે. તોતિંગ રકમનો આંધણ કર્યા પછી પણ આજે સ્થિતિ એવી છે કે ન તો જનતાને પાર્કિંગની સુવિધા મળી રહી છે કે ન તો તંત્રને તેની પાસેથી કોઈ આવક થઈ રહી છે! આ પ્રોજેક્ટના ભૂતકાળ પર નજર કરીએ તો, જ્યારે હાલના મેયર સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પદે બિરાજમાન હતા, ત્યારે સપ્ટેમ્બર ૨૦૨૩માં આ



મલ્ટિલેવલ સ્માર્ટ પાર્કિંગનું ભારે ધામધૂમથી લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ વિશાળ ઈમારતમાં આધુનિક સુવિધાઓ ઊભી કરાઈ હતી: કુલ ખર્ચ: અંદાજે ૬૦ કરોડ રૂપિયા. ક્ષમતા: એકસાથે ૭૦૦ કાર અને ૧૦૦૦ ટુ-વ્હીલર પાર્ક થઈ શકે તેવી ભવ્ય વ્યવસ્થા. પરંતુ કમનસીબી એ રહી કે, સામાન્ય જનતા આ સ્માર્ટ પાર્કિંગ સિસ્ટમથી સંપૂર્ણપણે પરિચિત થાય અને તેનો ઉપયોગ શરૂ કરે તે પહેલા જ તંત્રની અદૂરદર્શિતા અને નબળા આયોજનના કારણે આ પ્રોજેક્ટના વળતા પાણી શરૂ થઈ ગયા હતા. થોડા સમય અગાઉ જ્યારે આ પાર્કિંગ ભાડે આપવાની કવાયત હાથ ધરવામાં આવી હતી, ત્યારે એક કોન્ટ્રાક્ટરે તેને ૫૦ લાખ રૂપિયાના વાર્ષિક ભાડે રાખ્યું હતું. પરંતુ વાસ્તવિકતા એ નીકળી કે આ પાર્કિંગમાંથી કોન્ટ્રાક્ટરે મહિને માંડ એકાદ લાખ રૂપિયાની આવક પણ નહોતી થઈ રહી!

# રોડ ક્રોસ કરવા મુદ્દે બોલાચાલી, યુવક ઉપર લોખંડી પંચથી હુમલો

## અમદાવાદના ‘રિચી રીચ’ પાન પાર્લરના માલિક ભાવિક ગજ્જર પર ગંભીર આરોપ, યુવકના કાનમાં બચકું ભરતાં બૂટ કપાઈ; મારામારીનો વીડિયો વાઈરલ

અમદાવાદ

ગાંધીનગરના કલોલના સનાવડ ગામની સીમમાં કાંતમ પાર્ટી પ્લોટ પાસે નવરાત્રઈના ગરબાના આયોજન દરમિયાન યુવક પર હિંચકારા હુમલાની ઘટના બની.અમદાવાદના સોલા ખાતે રહેતા અને સ્ટોક માર્કેટના વ્યવસાય સાથે સંકળાયેલા 24 વર્ષીય તનીષ હરેશકુમાર પટેલે અમદાવાદના બોપલ સ્થિત જાણીતા ’રિચી રીચ’ પાન પાર્લરના માલિક ભાવિક ગજ્જર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. આરોપીનો મારમારી સમયનો એક વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. તો બીજી તરફ ઘાયલ થયેલા તનીષને સારવાર માટે ખસેડાયો છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર,તનીષ પટેલ ગત 16 ઓક્ટોબરના રોજ રાત્રિના સમયે સનાવડ ગામે આયોજિત ’ફોક રાસ’ ગરબામાં પોતાના પરિવાર અને મિત્રો સાથે ગરબા રમવા માટે ગયો હતો. દરમિયાન ગરબા પૂર્ણ થયા બાદ રાત્રિના અઢી વાગ્યાના અરસામાં તનીષ પટેલ ચાલતા ચાલતા પાર્ટી પ્લોટના મુખ્ય ગેટ બહાર આવ્યો હતો.તે સમયે ગેટની આગળથી એક કાળા રંગની નંબર પ્લેટ વગરની ગાડી યુ-ટર્ન લઈ રહી હોય જેથી તેણે રોડ ક્રોસ કરવા માટે હાથથી ઈશારો કરીને ગાડી ઊભી રાખવા જણાવ્યું હતું. જોકે ગાડી રોકવાને બદલે ચાલકે ગાડી તનીષ પટેલની પાસે લાવીને ઊભી રાખી હતી. આ ગાડીમાં ડ્રાઈવરની બાજુની સાઈડ પર બેઠેલા અમદાવાદના બોપલ ખાતે આવેલા ’રિચી રીચ’ પાન પાર્લરના માલિક ભાવિક ગજ્જર ગાડીમાંથી નીચે ઉતર્યો હતો અને તારે શું છે તેમ કહી તનીષ પટેલ સાથે ગાળાગાળી કરવા લાગ્યો હતો.

તનીષ પટેલે પોતે રોડ ક્રોસ કરવા માટે ઈશારો કર્યો હોવાનું જણાવતા જ ભાવિક ગજ્જરે ઉશ્કેરાઈને ધક્કો મારી પોતાના ઝભ્ભાના ખિસ્સામાંથી લોખંડનો પંચ કાઢીને જાનથી મારી નાખવાના ઈરાદે તનીષ પટેલ પર હુમલો કર્યો હતો. આરોપી ભાવિક ગજ્જરે તેને ડાબી આંખની નીચે ગાલ પર લોખંડનો પંચ મારી દેતા લોહી વહેવા લાગ્યું હતું.

## થારમાં આવેલા બે શખસોએ પેટ્રોલ ભરાવવા મુદ્દે બોલાચાલી કરી છરી મારી

અમદાવાદ

અમદાવાદ શહેરના ઈસ્કોન - આંબલી રોડ પર પેટ્રોલપંપ પર નાઈટ ડ્યુટી કરી રહેલા કર્મચારીને નંબર પ્લેટ વિનાની થાર ગાડીમાં આવેલા શખ્સોએ માર માર્યો હતો. થોડીવાર રાહ જોવાનું કહ્યું હતું જેથી ગાડી ચાલક ઉશ્કેરાઈ ગયો હતો અને બાદમાં તેની સાથે રહેલા શખ્સો સાથે કર્મચારીના કપાળ ઉપર છરી મારી દેતા તેને ઈજા થઈ હતી જેથી સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ મામલે સરખેજ પોલીસે ફરિયાદ નોંધીને તપાસ શરૂ કરી છે. આંબલી ખાતે રહેતા શંભુ ઠાકોર આંબલી વિસ્તારમાં આવેલા પેટ્રોલપંપ પર નોકરી કરે છે. ગઈકાલે શંભુ નાઈટ ડ્યુટી પર હાજર હતો ત્યારે એક થાર કાર પેટ્રોલ ભરાવવા માટે પેટ્રોલપંપ પર આવી હતી. તે સમયે શંભુ અન્ય એક કારમાં પેટ્રોલ ભરી રહ્યો હતો. જેથી તેણે થારચાલકને હાથ ઊંચો કરીને થોડીવાર રાહ જોવા માટે ઈશારો કર્યો હતો. જોકે, શંભુનો આ ઈશારો થારચાલકોને પસંદ આવ્યો નહોતો.

સ્ટ્રીટ લાઈટના ટેન્ડરનો વિવાદ

# ઝોન મુજબ સ્ટ્રીટલાઈટ મેન્ટેનન્સ માટે કોન્ટ્રાક્ટ આપવાની જગ્યાએ સેન્ટ્રલાઈઝ માટે ટેન્ડર કરાયું



અમદાવાદ

અમદાવાદમાં સ્ટ્રીટ લાઈટની કામગીરી અને જાળવણીના કોન્ટ્રાક્ટ માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે. રૂ.398.41 કરોડ રૂપિયાનું ટેન્ડર સ્ટ્રીટ લાઈટ વિભાગના અધિકારીઓએ બહાર પાડ્યું છે. જોકે દરેક ઝોન મુજબ અલગ અલગ ટેન્ડર બહાર પાડવા માટે ભાજપના સત્તાધિશોએ અધિકારીઓને સૂચના આપી હોવા છતાં પણ સેન્ટ્રલાઈઝ્ડ ટેન્ડર કરવામાં આવ્યું છે. જેથી સમગ્ર મામલે હવે સ્ટ્રીટ લાઈટ વિભાગના અધિકારીઓની ટેન્ડર મામલે મિલીભગત હોવાની ચર્ચા છે.

શહેરમાં 2.50 લાખથી વધુ સ્ટ્રીટ લાઈટો આવેલી છે, જેના મેન્ટેનન્સ માટે અગાઉ સીતાનું કંપની પાસે કોન્ટ્રાક્ટ હતો. જેનો કોન્ટ્રાક્ટ પૂરો થયા બાદ તેની પેટા કંપનીઓને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો અને નવું ટેન્ડર કરવા માટેની પ્રક્રિયા સ્ટ્રીટ લાઈટ વિભાગ દ્વારા કરવામાં આવી હતી. જોકે પાંચ વખત ટેન્ડર કરવામાં આવ્યું છતાં પણ કોઈ કંપની ક્વોલિફાઈ થઈ નથી. શહેરની સ્ટ્રીટ લાઈટોના મેન્ટેનન્સની કામગીરી અને જાળવણી બંને માટે આ કોન્ટ્રાક્ટ આપવા માટે ખૂબ લાંબો સમય સ્ટ્રીટ લાઈટ વિભાગના અધિકારીઓ દ્વારા કરવામાં આવતા ટેન્ડરમાં ગોટાળા અને માનીતા કોન્ટ્રાક્ટરને જ લાવવા માટે ટેન્ડર જલ્દીથી થયું નહોતું.

જોકે, હવે ટેન્ડર કરવામાં આવ્યું છે, પરંતુ સાત જૂનના અલગ કરવાની જગ્યાએ સેન્ટ્રલાઈઝ્ડ ટેન્ડર જ કરવામાં આવ્યું છે. ઝોન પ્રમાણે ટેન્ડર કરવાની પદ્ધતિ એક ઝોનની એજન્સી કામગીરી બંધ કરે તો અન્ય ઝોનની એજન્સીઓ પર સમગ્ર શહેરની કામગીરીનો ભાર મૂક્યા વિના સંબંધિત વિસ્તારમાં વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરવાની શક્યતા રહે છે. અમદાવાદમાં પણ સાત ઝોન પ્રમાણે અલગ ટેન્ડર કરવાની સૂચના પાછળ આવો જ હેતુ હોવાનું જણાવાયું હતું.

# સંક્ષીપ્ત સમાચાર

## નકલી પોલીસ બની 20 હજાર પડાવ્યા : યુવકને ધમકાવી ઓનલાઇન નાણાં ટ્રાન્સફર કરાવનારા બે ગઠિયા જેલભેગા

ઈસનપુર વિસ્તારમાં પોતે પોલીસકર્મી હોવાની ખોટી ઓળખ આપી નિર્દોષ નાગરિકો પાસેથી નાણાં પડાવતી એક શાતિર ટોળકીનો પર્દાફાશ થયો છે. ગત ૧૨ ઓક્ટોબરની રાત્રે નારોલમાં રહેતા અને ખાનગી કંપનીમાં ફરજ બજાવતા એક ૩૨ વર્ષીય યુવક જ્યારે ઈસનપુરમાં આવેલા કિયા શોરૂમ નજીકથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે બાઈક અને સ્કૂટર પર આવેલા બે અજાણ્યા શખ્સોએ તેમને રસ્તામાં જ અટકાવ્યા હતા. પોતાને પોલીસ કર્મચારી તરીકે ઓળખાવી બંને શખ્સો યુવકને બળજબરીપૂર્વક બાઈક પર બેસાડી નજીકની અવાવરું જગ્યા તરફ લઈ ગયા હતા. અંધારાવાળા સ્થળે લઈ જઈ આ ગઠિયાઓએ યુવક પર ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતી હોટલમાં જવાનો ખોટો આક્ષેપ મૂક્યો હતો અને જો પૈસા નહીં આપે તો ગંભીર કેસમાં ફિટ કરી દેવાની સીધી ધમકી આપી હતી. યુવક પાસે રોકડ રકમ કે એટીએમ કાર્ડ ન હોવાનું જણાતાં, આરોપીઓએ મોબાઈલમાં ક્યૂઆર કોડ સ્કેનર ખોલીને નાણાં ટ્રાન્સફર કરવા માટે યુવક પર માનસિક દબાણ બનાવ્યું હતું. પોલીસ કેસના ખોટા ડરના કારણે ગભરાયેલા યુવકે તરત જ ઓનલાઈન માધ્યમથી ૨૦ હજાર ટ્રાન્સફર કરી આપ્યા હતા, જે બાદ આરોપીઓ તેને ગલીના છેડે ઉતારીને ત્યાંથી રફુચક્કર થઈ ગયા હતા.

## ગરબા જોઈ પરત ફરતા યુવક પર હુમલો, ઓવરટેકમાં મોપેડ ખાડામાં સ્લીપ બાદ તકરાર કરી 1.50 લાખનું બુલેટ લૂંટી લીધું

અમદાવાદના અસારવા ચમનપુરા વિસ્તારમાં રવિવારે મોડી રાત્રે ગરબા જોઈને પત્ની અને સંબંધીઓ સાથે પરત ફરી રહેલા 27 વર્ષીય ટેક્સી ડ્રાઈવર સાથે મારામારી કરી રૂ. 1.50 લાખનું બુલેટ લૂંટી લેવાની ઘટના સામે આવી છે. 27 વર્ષીય સાહિલને ઓવરટેક કરવા જતાં ખાડામાં સ્લીપ થયેલા મોપેડ સવારોએ ‘અમારી બાઈક કેમ અડાવી‘ કહી માર મારી મોઢામાંથી લોહી કાઢી નાખ્યું હતું. ત્યારબાદ આરોપીઓએ રૂ.1.50 લાખની કિંમતનું રોયલ એનફિલ્ડ બુલેટ બળજબરીથી પડાવી લઈ નાસી ગયા હતા. આ મામલે શાહીબાગ પોલીસે બે શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. બાપુનગરમાં અનિલ મિલ સામે રાધારમણ સોસાયટીમાં રહેતા અને છૂટક ટેક્સી ડ્રાઈવિંગ કરતા 27 વર્ષીય સાહિલ હર્ષદભાઈ મહેરીયા 18 ઓક્ટોબરની રાત્રે પરિવાર સાથે રોહિદાસનગર મેઘાણીનગર ખાતે ગરબા જોવા ગયા હતા. રાત્રિના આશરે સાડા અગિયાર વાગ્યાના સુમારે સાહિલભાઈ પત્ની સાથે બુલેટ પર તેમજ તેમના સંબંધી નિલેશભાઈ તેમના પરિવાર સાથે બીજા ટુ-વ્હીલર પર પરત ફરી રહ્યા હતા.

## RTE ના 54 બાળકોને સહાયથી વંચિત રાખનારી સ્કૂલોને પેનલ્ટી, પોર્ટલ પર બાળકોની એન્ટ્રી જ ના કરી

આરટીઈમાં પ્રવેશ લેનારા બાળકોને દર વર્ષે સરકાર દ્વારા 3 હજાર રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવે છે. પરંતુ આ સહાય માટે સ્કૂલે બાળકોની આરટીઈ પોર્ટલ પર ફરજીયાત એન્ટ્રી કરવાની હોય છે. શહેર ડીઈઓના જણાવ્યા મુજબ, સોલાની સોલારીસ પબ્લિક સ્કૂલે બાળકોની એન્ટ્રી જ ન કરતા ચાલુ વર્ષે 54 બાળકો આરટીઈની સહાયથી વંચિત રહ્યા છે. જેથી આ સ્કૂલને દસ હજાર રૂપિયાનો દંડ કરાયો છે. આ વર્ષે આરટીઈ હેઠળના કુલ 80 હજારથી વધુ બાળકોને 3 હજાર રૂપિયાની સહાય ચુકવી દેવામાં આવી છે. પરંતુ સોલારીસ પબ્લિક સ્કૂલમાં બાળકોને સહાય ન મળતા એક વાલીએ ફરિયાદ કરી હતી. જેના આધારે તપાસ કરતા ધ્યાને આવ્યુ હતું કે સોલારીસ સ્કૂલે આરટીઈના બાળકોની એન્ટ્રી આરટીઈ ડીબીએમએસ પોર્ટલ પર કરી જ ન હતી. જુદા જુદા ધોરણના કુલ 54 બાળકો આ સ્કૂલમાં આરટીઈ હેઠળ પ્રવેશ મેળવીને ભણી રહ્યા છે. સ્કૂલે બેદરકારી દાખવીને એન્ટ્રી જ ન કરતા બાળકો સહાયથી વંચિત રહ્યા હતા. જેથી અમદાવાદ શહેર ડીઈઓએ આરટીઈ એક્ટની જોગવાઈ મુજબ સ્કૂલને દસ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

## કાંકરિયામાં 15 વર્ષ જૂની ટોય ટ્રેનને અપાશે વિદાય, નવી ટ્રેનનું ટ્રાયલ રન સફળ

અમદાવાદના કાંકરિયા લેકફ્રન્ટ ખાતે અંદાજે 15થી 16 વર્ષ જૂની થઈ ગયેલી ટોય ટ્રેનની જગ્યાએ હવે બે નવી ટ્રેન દોડતી થશે. કોર્પોરેશન દ્વારા રૂપિયા 3.54 કરોડના ખર્ચે ખરીદવામાં આવેલી બંને નવી ટ્રેનમાંથી એકનું ટ્રાયલ રન સફળતાપૂર્વક પૂર્ણ થયું છે, જ્યારે બીજી ટ્રેનનું ટ્રાયલ આવતા અઠવાડિયે લેવામાં આવશે. કાંકરિયા કાર્નિવલ પહેલાં નવી ટ્રેન શરૂ કરવાની દિશામાં કામગીરી હાથ ધરવામાં આવી છે. જો કે, ટ્રેનના નિયમિત સંચાલન પહેલાં વિવિધ વિભાગોની મંજૂરી અને લાયસન્સની પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે. કાંકરિયા લેકફ્રન્ટના અધિકારીના જણાવ્યા મુજબ, એક નવી ટ્રેનનું ટ્રાયલ સફળ થયું છે. હવે બીજી ટ્રેનનું ટ્રાયલ પૂર્ણ થયા બાદ લાયસન્સ મેળવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. હવે લાયસન્સ લેવાની પ્રક્રિયા હાથ ધરાશે. આ માટે પોલીસ, એસ્ટેટ, લાઈટ, વર્કશોપ, રાજ્ય સરકારના રોડ એન્ડ બિલ્ડિંગ વિભાગ સહિત કુલ 16 વિભાગોની મંજૂરી લેવાની રહેશે. નવી ટ્રેન શરૂ કરવા માટેની પ્રક્રિયામાં લોકોને હાલાકીનો સામનો કરવો ન પડે તે માટે તમામ સંબંધિત વિભાગોના અધિકારીઓને એક જ સમયે સ્થળ પર બોલાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI